
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 24 - Issue : 07


June, 2020



**મને સંત ગણવાની દૃષ્ટિ રાખવાની નથી. સંત એ પણ એક ઉપાધિ અને મર્યાદા છે. સંતનો જે અર્થ સમાજમાં પ્રચલિત છે, એમાં ઘણી ઘણી ભ્રમણાઓ રહેલી છે. માટે, આ જીવ વિશે તેવું માનવાની જરૂર નથી.**

**- શ્રીમોટા**

'જીવન મંથન', પ્ર. આ., પૃ. ૧૧૫




વગર બોલાવ્યે આવેલા મહેમાન, માગનાર, સંન્યાસી, ભીખારી, આ બધા જો તમારે ઘરઆંગણે આવે તો તમો જે કંઈ આપી શકો છો તે આપવું જ જોઈએ. તેમનાથી તમને પુણ્યનો લાભ થાય છે.

દાન આપવાથી તમારી મુશ્કેલીઓ દૂર થાય છે અને દુઃખ કપાય છે.

આ મહાન સત્યને કાયમ માટે યાદ રાખો.

- શ્રીસાંઈબાબા

*'મસ્જિદમાં પ્રગટ્યા સાંઈ', પ્ર. આ., પૃ. ૩૪*

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વર્ષ : ૨૪ | અંક : ૭ | જૂન, ૨૦૨૦

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
મો. ૯૪૦૮૭૦૭૯૫૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. ચમત્કાર ....................................શ્રીમોટા ૪
૨. પ્રાણીના શરીરમાંથી સતત તેજ નીકળ્યા કરે છે ... પતંજલિ ૮
૩. પધરામણી ................................ રમેશ ભટ્ટ ૯
૪. યોગક્ષેમ .....................................શ્રીમોટા ૧૨
૫. હૃદય ખોલવાનું એકાદું ઠેકાણું રાખો ....................
...............................રાજેશ વ્યાસ 'મિસ્કીન' ૧૩
૬. અતિમનસ આવિર્ભાવ .................... મકરન્દ બ્રહ્મા ૧૫
૭. સંસારની રચના સમજીએ તો શાંતિ .............શ્રીમોટા ૧૭
૮. ભક્તિમાર્ગ સરળ છે ................. ડોંગરેજી મહારાજ ૧૯
૯. બેઠાથી બેગાર ભલો ......................શ્રીમન્નથુરામ ૨૧
૧૦. મહામાનવ : આદિ શંકરાચાર્ય ............ ગૌતમ પટેલ ૨૨

હરિઃૐ

## જાણ માટે

**કોરોના વાઈરસના કારણે લૉકડાઉન હોવાથી માહે એપ્રિલ-૨૦૨૦ તેમ જ માહે મે-૨૦૨૦ 'હરિભાવ'ના અંકો પ્રકાશિત કરી શકાયા નથી.**

**આ પ્રશ્ન દરેક સામયિક માટે હોવાથી ભારત સરકારના લગત ખાતા દ્વારા તા. ૯-૪-૨૦૨૦નો પરિપત્ર જાહેર કરવામાં આવેલ છે. જે અનુસાર ઉપરોક્ત બે અંક પ્રકાશિત ન કરતા માહે જૂન-૨૦૨૦નો આ અંક પ્રકાશિત કરી રહ્યા છીએ.**

**જે સર્વેને વિદિત થાય.**

**—સંપાદક**

# (૧) ચમત્કાર

ઘણા ખરા લોકો, સમાજનો ઘણો મોટામાં મોટો ભાગ ચમત્કારથી આકર્ષાય છે. **ચમત્કારનો સામાન્ય જનસમાજમાં પ્રચલિત અર્થ કે સમજણ તો એ છે કે જે નથી તે પ્રત્યક્ષ કરીને બતાવવું અથવા તો જે દેખાવમાં નથી, તે પ્રત્યક્ષ કરીને બતાવવું અથવા જે છે નહિ તેને પ્રગટાવવું અથવા તો કાંઈક અવનવું, આપણી સમજણમાં ન બેસી શકે એવું અને તેમ છતાં પ્રત્યક્ષપણે હોય એવું કરી બતાવવું. આવી જાતની સમજણ ચમત્કાર વિશેની સમાજમાં છે.**

ખરેખરી રીતે જો એવા લોકો ચમત્કારથી-ચમત્કાર કરનારની પરત્વે આકર્ષાયેલા હોત તો તો એવા પુરુષ પરત્વે તેમનો રાગ પ્રગટેલો હોત, એવો જીવતોજાગતો રાગ પ્રગટેલો હોત તો તો સાચી રીતે ગણાત કે તેઓ ચમત્કારથી તેમના પરત્વે આકર્ષાયેલા છે, પણ વાસ્તવિક રીતે તેમના એટલે કે સમાજના જીવનમાં એવો કાંઈ રાગ પ્રગટી ગયેલો હોય એવું અનુભવથી તો જાણવામાં આવતું નથી. ત્યારે ચમત્કાર પરત્વે લોકો આકર્ષાય છે, એ વાત તો સાચી. ત્યારે ઘણા લોકો આવા ચમત્કાર કરે છે. આ કરતા હોય તો ભલે કરતા હોય, પરંતુ આપણે ભાગવતમાં અથવા તો બીજા કોઈ ગ્રંથ જેમ કે બાઇબલમાં પણ આવા આવા એ અવતારી મહાપુરુષના જીવનમાં ચમત્કારો કરેલા છે. એવી અનેક હકીકતો આવે છે ખરી.

એવું ભાગવતમાં, બાઇબલમાં, જે આવે છે તેના કરતાં ઘણી ઓછી કુરાનેશરીફમાં છે. એ મારે કબૂલવું જોઈએ, પણ દરેક સંપ્રદાય કે ધર્મના આદ્યપુરુષોમાં આવી ચમત્કારની હકીકતો હોય છે ખરી. લખેલી હોય છે અને સમાજમાં તે તે હકીકતો પ્રસરેલી પણ છે.

હાલના સંપ્રદાયો થઈ ગયા. દા.ત. સ્વામીનારાયણ સંપ્રદાય અથવા તો એમના પછીના જે બધા સંપ્રદાયો થયા એ સંપ્રદાયના આચાર્યોમાં પણ આ ચમત્કાર હોવાથી જ સમાજનો ઘણો મોટો ભાગ આ ધર્મ પરત્વે વળેલો છે.

ત્યારે એના ઉપરથી આપણે એમ ફલિત કરીએ તો કરી શકાય કે આવા જે ધર્મને, ધર્મનો સમાજમાં જેને ઘણો મોટા પ્રમાણમાં વિસ્તારમાં ફેલાવો કરવો છે, **એ ફેલાવો કરવાને માટે એમને કોઈક પ્રત્યક્ષ એવું સમાજને આંખોમાં એકદમ જાગી જાય એવા કોઈક સાધનની આવશ્યકતા ખરી.**

જેણે સંપ્રદાય કે ધર્મનો ફેલાવો સમાજના ઘણા મોટા ભાગમાં પ્રવર્તાવવો છે, એવા મહાત્મા કે મહાપુરુષે આવા સાધનનો આશ્રય લેવાનો રહે છે ખરો. અને એવા સાધનની પાછળનો જીવતોજાગતો એમનો હેતુ એકમાત્ર ભગવાનની દિવ્યતાયુક્ત જે ચેતના છે, એ ચેતનાનો ભાવ સમાજના હૃદયમાં જાગે અને એ જાગે એટલા માટે જ આવા પ્રકારના કોઈક કોઈક એવાં નિમિત્તને કારણે તે લોકોમાં ચમત્કાર એમના જીવનમાં આપમેળે પ્રગટ્યા કરતો હોય છે. એવા કોઈક એમને પણ એવાં કોઈક નિમિત્તનાં કારણો મળે છે. એનો હેતુ તો એ છે કે **સમાજના ઘણા મોટા ભાગને**

**પોતાના તરફ આકર્ષીને તેમનામાં ધર્મનો ભાવ એમના જીવનમાં પ્રગટાવવો. આ તેમના જીવનનો ઘણો મોટામાં મોટો હેતુ છે.** ચમત્કાર જે એમના જીવનમાં પ્રગટ્યા કરે છે, તેનો.

આ સિવાય બીજો કોઈ હેતુ મારી સમજમાં કોઈ ઊતરતો હોતો નથી. અને એ ચમત્કાર એ લોકો કરતા હોતા નથી. જો કરવાની વાત કરીએ તો એમાં કરવો એટલે કે પ્રયત્ન. પ્રયત્નની sense એટલે કે એક ભાવ જાગે છે, કરવાપણામાં. જ્યારે એવું હોય તો તો એ અજ્ઞાન દશા થઈ. એ જ્ઞાનવાળા કે ચેતનાની અનુભવની ભૂમિકાવાળા કદી તેવા જીવો કહી શકાય જ નહિ. એટલે આવા લોકો ચમત્કાર કરે છે, એમ બોલવું એ ખોટું છે. ખરી રીતે એમના જીવનમાં એવાં કોઈક નિમિત્ત કારણોને કારણે આપમેળે, સહજ રીતે તે તે શક્તિ પ્રગટમાન તે રીતે વ્યક્ત થયા જતી હોય છે. એટલે એ લોકો ચમત્કાર કરે છે એ વાત તો ખોટી છે. એમ એમના જીવનમાં એ રીતે થયા જતું હોય છે. નિમિત્તને કારણે અને એની પાછળનો મોટામાં મોટો મહત્ત્વનો હેતુ તો એ જ છે કે **સમાજના ઘણા મોટા ભાગને આકર્ષીને ધર્મનો ભાવ તેમના હૃદયમાં જગવવો. અને એવું કરે તો જ સમાજનો ઘણો મોટો ભાગ તેમની પરત્વે આકર્ષાય. તેમની પરત્વે દોરાય. તેમની પાછળ જાય. સમાજનો ઘણો મોટો ટોળાંનો ભાગ એમના તરફ વળે, વળે ને વળે.**

ત્યારે કોઈ એક ભાઈ સવાલ પૂછે છે કે **મોટા,** તમે કહો છો કે સમાજનો ઘણો મોટો ભાગ વળે એ વાત સાચી, તો અમે કહીએ છીએ કે આ મહાત્મા ગાંધી હતા. એમને તો હજારો લોકો એટલાં બધાં ટોળાંમાં આવતાં કે કહ્યો કસર નહિ. એમણે કાંઈ ચમત્કાર કશો કર્યો ન હતો.

મેં કહ્યું એ વાત સાચી ભાઈ. એણે ચમત્કાર નથી કર્યો, **પણ એના જીવનમાં ત્યાગ હતો. એના જીવનમાં જે દેશ પરત્વેની જીવતીજાગતી એકધારી ચેતનવંતી જે ભક્તિ હતી અને સમાજને માટે મરી ફીટવું, સમાજને સ્વરાજ મેળવવાને માટે લાયકાતવાળો કરવો એ પ્રકારની જે ધગધગતી જિજ્ઞાસા, તમન્ના એના દિલમાં હતી, અને સમાજને મુક્ત કરવાને માટે—આ સમાજને અંગ્રેજ સરકારની ગુલામીમાંથી મુક્ત કરવાને માટે મહાત્મા ગાંધીના દિલમાં જે ધગધગતી ધગશ હતી એ આ બધા ગુણોને કારણે સમાજ એના પરત્વે આકર્ષાયેલો હતો.**

અને એ કોઈ ચમત્કારને કારણે નથી. મહાત્મા ગાંધીજીના જીવનમાં ચમત્કાર નથી થયા એમ નથી. થયા છે પણ એને કોણ જોવા બેઠું છે ? દિલ્લીમાં હિંદુ-મુસલમાનની ઐક્યની ભાવના પ્રગટાવવાને માટે એમણે એકવીસ દિવસના ઉપવાસ કરેલા. ત્યારે થોડાક દિવસો પછી એમના પેશાબમાં ઘણા અમુક પ્રકારના ઝેરી જંતુઓ જણાયાં, ત્યારે બધા જ દાક્તર બહુ વિસામણમાં પડી ગયા ને ગંભીર ચિંતા કરી બધા ચિંતા ભરેલી સ્થિતિમાં પ્રગટી ગયા હતા અને ગાંધીજીને પંડિત સાહેબ ને બીજા બધાંએ વિનંતી પણ ત્યારે કરેલી કે થોડોક તમે મોસંબીનો રસ કે એવું કાંઈક લો તો હવે સારું, કારણ કે આ તો ભયંકર સ્થિતિ છે. આ સ્થિતિ રહે તો કોઈ માણસ

જીવી ના શકે.

ત્યારે ગાંધીજી કહે કે ભાઈ, હવે થોડોક કાળ, કાલ સવારે તમે જોજો. ભગવાનને મેં પ્રાર્થના કરી છે. અને કાલ સવારે તમે જોજો. કાલ સવારે બીજે દિવસે સવારે પેશાબ જોયો તો નૉર્મલ હતો. બધા ઝેરી જંતુઓ ક્યાંય ઊડી ગયાં, પણ ગાંધીજીના જીવનમાં આવા બનાવો કોણ જુએ ? એને સમજવા કોણ બેસે ? તેની પાછળ ગાંધીજીનો ભગવાન પરનો એકધારો અનંત પ્રકારનો આત્મવિશ્વાસ જે જીવતોજાગતો ચેતનવંતો, પ્રાણવાળો એના દિલમાં જે ધબકતો હતો એનો રણકો કેવો હતો...એ કોણ આ હકીકતને જોવા બેઠું છે ? ત્યારે એના જીવનમાં ચમત્કાર તો કોઈક નોખા પ્રકારના હતા, પણ આવા જે ભગવાનના, ભગવાનને રસ્તે જનારા અથવા તો ધર્મ અને સંપ્રદાય. સમાજમાં ઘણા મોટા ભાગને જેને વિસ્તારવો છે એને આ ચમત્કારનું સાધન આપમેળે, સહજ રીતે અને તે પણ એવાં કોઈક નિમિત્તને કારણે આપોઆપ પ્રગટતું જતું હોય છે અને તે વ્યક્ત થયા જતું હોય છે.

આવું મેં પોતે આના વિશે આવો સમન્વય મારા મનથી કર્યો છે. સાચું કે ખોટું હું જાણતો નથી. મને હંમેશાં એ થતું કે જ્યારે જ્યારે કોઈ પ્રશ્ન જાગે ત્યારે એનું સમાધાન મેળવી લઉં. કે જેથી પ્રશ્ન પછી મનમાં ટકે નહિ.

ત્યારે કોઈક પૂછે કે ભઈ, આ સત્ય સાંઈબાબા ચમત્કાર કરે છે તેનું શું ? ત્યારે હું તો એને એમ કહું કે ભઈ, સત્ય સાંઈબાબા હજુ જીવે છે. કોઈના વિશે હું ન્યાય તોળવા કેવી રીતે જઉં ? તમે એને જઈને પૂછો. તો એ તમને સમજાવશે.

મેં તો અત્યાર સુધી જે ધર્મના સંપ્રદાયો આ દેશમાં, આ સમાજમાં જેને જીવતાજાગતા કર્યા અને એટલું જ નહિ પણ આ લોકોનો પ્રાણ કેવો હોય છે, જુઓ સાહેબ કે આ મધ્યકાળમાં જ્યારે હિંદુસ્તાન ઉપર આ મુસ્લિમ વર્ગનું રાજ્ય હતું ત્યારે આ હિંદુઓ-સંસ્કૃતિની જે કટોકટી હતી, એ જે ત્રાસ એ જે જુલમ એ જે હિંદુઓ ઉપર મુસલમાનો બનાવવાને માટે જે ત્રાસ વર્ત્યો છે, એ તો એનો ઈતિહાસ નથી લખાયો તે ઉત્તમ છે.

**આજે હિંદુ-મુસલમાનમાં હાડોહાડ વેર છે, તે એ સંસ્કારનું કારણ ચાલ્યું આવેલું છે. એ સંસ્કાર જે સમાજના ચિત્તમાં સમગ્રપણે જે પડેલા હોય છે તે કંઈ એકદમ ભુસાતા હોતા નથી. ત્યારે એ જે કટોકટી હિંદુ ધર્મની, હિંદુ સંસ્કૃતિ ઉપર થઈ એ કાળમાં આપણા દેશમાં એક ભાગમાં હિમાલયથી તે કન્યાકુમારીથી માંડી અને દ્વારિકાથી તે જગન્નાથપુરી સુધી બંગાળ પણ ખરું એમાં, એક એક પ્રદેશમાં સંતોની પરંપરા જાગેલી છે.**

**એ સંતના માત્ર અસ્તિત્વ વડે કરીને આપણે લોકો આ લોકોની સામે ટકી શક્યાં. જીવંત રહી શક્યાં. એ લોકોએ તો હથિયારો ઉપાડ્યાં નથી કે કોઈની સામે વિરોધમાં કે એને નકારવામાં પણ કાંઈ કશો ભાગ લીધો નથી. કે આ ખોટા છે એમ પણ એમણે કહ્યું નથી. માત્ર એમના આ દુનિયા પરના તે તે ભાગમાં એમનું એક સ્થૂળ અસ્તિત્વરૂપે હતું એનાથી કરીને આ સમાજ મરતો બચ્યો છે. હિંદુ સમાજ એ સંસ્કૃતિથી**

**મરતો બચ્યો. એમનામાં સંસ્કૃતિ મરતી મરતી પણ બચી ગઈ છે. એ માત્ર આ લોકોના કારણથી જ. એ કેટલો મોટામાં મોટો ચમત્કાર છે! ચમત્કાર કોને જોવો છે ? આ જ સાચો ચમત્કાર છે.**

આ જે સંતપરંપરા જાગી તે કાળમાં, એ સંતપરંપરાએ કેટલો પ્રાણ પ્રગટાવ્યો ? અરે! એ તો વાત જવા દો તમે. આ બહુ ટૂંકા ગાળાના ઇતિહાસની વાત કહું. **એક જ સમર્થ રામદાસ સ્વામી.** આ ઉત્તમ એમને માટે આ જે આગળ વિશેષણ છે તે સમર્થ-તે તદ્દન સાચે જ સમર્થ. એ તો સંન્યાસી હતા. ભગવાધારી હતા, પણ એક સંસ્કૃતિને માટે એમનામાં જે ચેતનાવંત ગૌરવ હતું, એ ગૌરવ માત્ર એમણે શિવાજીને અર્પણ કર્યું અને **શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી.** એ શિવાજીએ આ હિંદુ ધર્મને સાચે જ બચાવ્યો. એ **શિવાજીએ અનેક પ્રદેશો જીત્યા પણ કોઈ ઠેકાણે એણે મુસલમાનોને હેરાન કર્યા નથી.** મુસલમાનોની મા-બહેનોને હેરાન કરી નથી. ઊલટા એમના આદર સાચવ્યા. કોઈ ઠેકાણે મહારાષ્ટ્રીયન આ જે પેશવાઓનું રાજ્ય થયું, ત્યારે પણ એમણે પણ ઘણા બધા દેશો જીત્યા છે, પણ કોઈ ઠેકાણે મસ્જિદ તોડી હોય એવો એક દાખલો બતાવે તો એને મારું માથું નમાવવાને તૈયાર.

એ સંસ્કૃતિ કોણે આપી ? એક જ માત્ર રામદાસ સ્વામીએ. એક જ. એનું એને જે વિશેષણ છે, **સમર્થ તે યથાયોગ્ય છે.** અને એ ચમત્કાર સાહેબ. કે આખા સમાજની અંદર જેણે ચેતના ભરી જેની ચેતનાના પ્રાણ વડે કરીને આખો સમાજ ટકી રહે એ મોટામાં મોટો ભારે ચમત્કાર. આવા ચમત્કાર જો આપણે હૃદયથી, ભાવથી પ્રીછીએ તો એવા ચમત્કારથી આપણી પણ આંખ ઊઘડે, બુદ્ધિ ઊઘડે છે.

ચમત્કાર તો આવો કે જે સમગ્ર સમાજના હાર્દને સ્પર્શે છે. એ ચમત્કાર સાચો. બાકી, ધર્મના આચાર્યોના જીવનમાં જે ચમત્કારની વાતો હોય છે એની પાછળનું રહસ્ય તો મને જે સમજાયું અથવા એના વિશે જે મેં સમાધાન મારા મનથી, મારી બુદ્ધિથી, અક્કલથી કર્યું છે, તે બધાંને તમને સમજાવ્યું.

શ્રીમોટાવાણી-૮ ❑

**હરિઃૐ**

**પરદેશથી અપાતા દાન-ભેટ અંગે**

**'હરિવાણી ટ્રસ્ટ'ને પરદેશ વસતાં સ્વજનો તરફથી અવાર નવાર ભેટની રકમ મોકલાતી હોય છે. આ બાબતે જાહેર વિનંતી છે કે આવાં સ્વજનોના ભારતમાં કોઈ પણ બૅંકમાં ખાતું હોય તે દ્વારા આવી ભેટની રકમ મોકલવી જરૂરી છે. હાલમાં પરદેશની કરન્સીમાં દાનભેટ સ્વીકારતા નથી. પરંતુ ચેક/ડ્રાફ્ટ દ્વારા ભારતની બૅંકમાંથી દાનભેટ આપી શકાય. પરદેશ વસતાં સ્વજનો તેમના પરદેશના ખાતામાંથી 'હરિવાણી ટ્રસ્ટ'ના ખાતામાં સીધેસીધી રકમ જમા ન કરાવે તેવી વિનંતી છે. - સંપાદક**

## (૨) પ્રાણીના શરીરમાંથી સતત તેજ નીકળ્યા કરે છે

**પતંજલિ**

...દરેક માણસની ચોતરફ એક પ્રકારનું તેજ હોય છે. **પ્રત્યેક પ્રાણીના શરીરમાંથી ચોક્કસ પ્રકારનું તેજ હંમેશાં નીકળ્યા જ કરે છે.** એ તેજને માત્ર યોગીઓ જ જોઈ શકે છે. આપણે બધા એ તેજને જોઈ શકતાં હોતાં નથી, તોપણ જેમ પુષ્પમાંથી સુગંધરૂપે-અત્યંત સૂક્ષ્મ પરમાણુ રૂપે તન્માત્રા બહાર નીકળ્યા કરે છે, તેવી રીતે આપણા શરીરમાંથી પણ હંમેશાં એક પ્રકારના તેજરૂપે તન્માત્રા બહાર નીકળ્યા જ કરે છે. કોઈના શરીરમાંથી પવિત્ર તો કોઈના શરીરમાંથી અપવિત્ર - પણ દરરોજ આપણા શરીરમાંથી ઢગલાબંધ સૂક્ષ્મ તન્માત્રાનો પ્રવાહ નીકળ્યે જ જાય છે અને આપણે જ્યાં જ્યાં જઈએ છીએ, ત્યાં ત્યાં ચારેબાજુએ એ તન્માત્રા વડે બધું સ્થાન ભરી દઈએ છીએ.

મનુષ્યના મનમાં મંદિર અને દેવાલયોની રચના કરવાની વૃત્તિ સ્ફુરી છે, તેનું આ જ રહસ્ય છે. ઈશ્વરની ઉપાસના કરવા માટે મંદિર બાંધવાની શી જરૂર છે ? જ્યાં પણ કરવું હોય ત્યાં ઈશ્વરનું ધ્યાનભજન થઈ શકે છે, પરંતુ તેમને સ્વાભાવિક રીતે એમ લાગ્યું કે જે ઠેકાણે બેસીને લોકો હંમેશાં ઈશ્વરની ભક્તિ કરતા હોય તે જગ્યા ઘણા મોટા પ્રમાણમાં પવિત્ર તન્માત્રાથી પરિપૂર્ણ થઈ જાય છે. લોકો ત્યાં દરરોજ ઈશ્વરોપાસના કરવા જાય છે અને જેમ જેમ વધારે લોકો એ હેતુથી ત્યાં જતા જાય છે, તેમ તેમ એ જગ્યા વધારે પવિત્ર બનતી જાય છે.

જે વ્યક્તિના હૃદયમાં સત્ત્વગુણનો ઉદય થયો ન હોય, એવો કોઈ માણસ ત્યાં જાય, તોપણ તે સ્થાનની અસર તેના ઉપર થાય છે અને તેના હૃદયમાં સત્ત્વગુણનો ઉદય થઈ આવે છે.

મંદિરો અને દેવાલયોને શા માટે પવિત્ર માનવામાં આવે છે, તેનું કારણ આ ઉપરથી સમજાય છે, પરંતુ આમાં પણ એટલું તો હંમેશાં સ્મરણમાં રાખવું ઘટે છે કે, સાધુ પુરુષોના સમાગમના ઉપર જ એ સ્થાનોની પવિત્રતાનો આધાર રહેલો છે, પણ એ સંબંધી લોકો ભ્રમમાં પડેલા છે. મંદિરોની બાબતમાં લોકો મોટી ભૂલ કરી રહ્યા છે. પ્રથમ તો કોઈ પણ સ્થાનને સાધુ પુરુષો જ પવિત્ર કરે છે. જો એ સ્થાનમાં હંમેશાં સામાન્ય માણસો જ રહેતા હોય અથવા અપવિત્ર માણસો જ જતાં આવતાં હોય, તો એ જગ્યાઓ પણ બીજી અપવિત્ર જગ્યાઓના જેવી જ બની જાય છે.

મંદિર તેના પોતાના માહાત્મ્યથી નહિ, પણ પવિત્ર લોકોના સંસર્ગથી પવિત્રતા ધારણ કરે છે. આ તત્ત્વ આપણે હંમેશાં ભૂલતા આવ્યા છીએ. આ જ કારણને લીધે પ્રબળ સત્ત્વગુણ સંપન્ન સંત-મહાત્માઓ પોતાની આસપાસ ચારે બાજુએ સત્ત્વગુણનો પ્રભાવ ફેલાવી દે છે અને તેની અસર તેમના સંસર્ગમાં આવનાર માણસો ઉપર પડ્યા વગર રહેતી નથી.

મનુષ્ય એટલી હદ સુધી પવિત્ર થઈ જાય છે કે, તેની પવિત્રતા તેના શરીરમાંથી વહ્યા કરે છે. સાધુઓનું શરીર પવિત્ર બની જાય છે અને તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે છે, તે બધી જગ્યાઓને પવિત્ર બનાવી દે છે.

આ હું કવિતાની ભાષામાં કહેતો નથી. આ રૂપક નથી, પણ સાધુઓના શરીરમાંથી ઝરતી પવિત્રતા એક ઇંદ્રિયગોચર બાહ્ય વસ્તુના જેટલી જ અનુભવગમ્ય છે. બીજી વસ્તુઓની માફક તે પણ વાસ્તવિક અસ્તિત્વ ધરાવે છે અને તેના સંસર્ગમાં આવનાર દરેક જણને પવિત્રતા અર્પણ કરે છે.

'પાતંજલ યોગસૂત્ર', સ્વામી વિવેકાનંદ ભાગ૧૦માંથી
બીજી આવૃત્તિ, પૃ. ૨૧૩ ❑

## (૩) પધરામણી

રમેશ ભટ્ટ

આપણા સમાજમાં સંતપુરુષની પધારમણી કરવાની એક રૂઢિ હોય છે. બાપજી (પાટડીના આબુરાજ અન્નક્ષેત્રના અધિષ્ઠાતા) પૂજ્ય શ્રીદયાનંદતીર્થ-દાસાનુદાસને પણ પોતાને ઘેર પધારવા ઘણાં આમંત્રણ આપે અને બાપજી પણ એમની લાગણીને માન આપીને નિમિત્ત હોય ત્યાં જાય.

બાપજી કહે, 'બધાં મને ઘરમાં લઈ જાય છે પણ હૈયામાં કોઈ લઈ જતું નથી.' એક પ્રસંગ બાપજીએ કહેલો.

મુંબઈના એક જાણીતા ઉદ્યોગપતિએ બાપજીની પોતાને ત્યાં પધરામણી કરાવી. પછી બાપજીની સાથે વાત કરતાં તેમણે પોતાને ત્યાં પધારેલા સંતોની યાદી જણાવી. બાપજી એ શેઠનો હૃદયભાવ સમજી ગયેલા. બાપજીએ માર્મિક રીતે કહેલું, 'આટલા બધા સંતો આપને ત્યાં પધાર્યા એમાંથી એકને પણ હૈયામાં રાખ્યા છે ?' પછી એક માર્મિક સૂત્ર કહ્યું હતું,

**'સંતને પગે લાગવાથી પાપ જાય.**
**એમને ઘરમાં ઘાલવાથી ઘર જાય.**
**એમનો સત્સંગ કરવાથી જીવ જાય.'**

આ સાંભળીને પેલા શેઠ આશ્ચર્ય અને મૂંઝવણમાં મુકાઈ ગયા અને બાપજીએ આ કથનનો મર્મ સમજાવતા આ પ્રમાણે સમજાવ્યું :

'પાપ એટલે અભિમાન, જ્યારે કોઈ વ્યક્તિ સંતને જોઈને વિચારે છે કે સંત કેટલું બધું સહન કરે છે ? સંત પરિગ્રહ પણ નથી કરતો. પોતાનું કહેવાય તેવું કશું જ રાખતો નથી તેમ છતાં તે નિશ્ચિંત ફરે છે. આવા સંતોને પગે લાગનારના મનમાં જે અભિમાન હોય તે થોડું પણ પાતળું પડે છે- એ અર્થમાં એનાં પાપ જાય.'

'ઘરમાં ઘાલે તો ઘર જાય' એનો અર્થ એ કે ઘરમાં અનાસક્ત અને નિઃસ્પૃહ સંત પધાર્યા હોય એ ઘર ઉપરની માલિકી તે સમય પૂરતી તો વીસરાય. એ અર્થમાં 'ઘર જાય.'

એથી વિશેષ, અનુભવી સંતના આંતરિક સ્વરૂપ સાથે ભાવપૂર્વક એકતાની ક્ષણો અનુભવાય એ અર્થમાં એનો સત્સંગ થાય તો આપણામાં રહેલો જીવભાવ મોળો પડે. પરિણામે આત્મા તરફ આકર્ષણ વધે. આ અર્થમાં 'સત્સંગ કરવાથી જીવ જાય.'

બાપજીની ખાસ વિશેષતા હતી કે જેવી રીતે પરંપરા મુજબ સાધુ-મહાત્માઓની પધરામણી થાય છે એવા ઠાઠથી એ કશું જ ન થવા દે. એમને દિલમાં ઊભરો આવે તો વગર બોલાવ્યે આપણે ઘરે આવી પહોંચે. એટલું જ નહીં પણ જેને ત્યાં જાય એમને ક્યારેક તો અગાઉથી ખબર પણ ના આપે. એક જણના ઘરે તેઓ નિમંત્રણથી ગયેલા. યજમાન પરિવારે તિલક કરી, દીપ પ્રગટાવી પૂજન કરવાની પૂર્વ તૈયારી કરેલી. બાપજીએ જાણ્યું ત્યારે એમણે કહ્યું, 'દીવો તો અંદર પ્રગટેલો જ છે અને એ અખંડ છે. બહારના દીવાની જરૂર નથી. આવી પૂજા-બૂજા રહેવા દો. આપણે વાતો કરીએ.' ઘરમાં બધાં ગોઠવાઈ ગયાં, નીચે બેસી ગયાં. એમાંથી કોઈકને ભજન ગાવાનું મન થયું. બાપજી તરત બોલ્યા, 'મારા ગુરુ મહારાજે મને સૌથી પહેલો આદેશ આપેલો કે **'ભોંય પે સોના, ભૂખા રહેના ઔર ભજન સુનના.'** ભજન સાંભળવું એ આદેશ મને બિલકુલ સમજાયો ન હતો, પરંતુ સાધના

થતી ગઈ એમ અનુભવાયું કે ભજનનો ગાનારો તો ભીતર છે. એને સાંભળવા જેટલા આપણે શાંત થવાનું છે. આપણે માટે અત્યારે તો શરીર અને મન સ્થિર કરાય તો ભજન સાંભળવાની તૈયારી થાય. મારા એક મિત્ર હતા. એમણે મને કહ્યું, 'હું ભજન મંડળમાં જઉં છું.' મેં કહ્યું, 'ભલે જજો. તમે ભજનમાં રહેજો, પણ મંડળમાં ના પેસશો. કેમ કે **ભજનમાં મંડળ અને રોગમાં ભગંદર-આ બેય સરખા.** ભગંદરની સ્થિતિ કોઈને બતાવાય નહીં અને એની વેદના કોઈને કહેવાય નહીં. એવી જ હાલત ભજન મંડળમાં થતા ખટરાગોથી ઊભી થતી હોય છે. એટલે બની શકે ત્યાં સુધી 'આપણે આત્મા છીએ' એવા અનુભવ તરફ જવું, એનું ચિંતન કરવું, ભગવાનનું સ્મરણ કરવું.'

બાપજી કોને ત્યાં કેવી રીતે વર્તે એનું કોઈ બંધારણ નહીં. જે ક્રિયા માટે એક જગ્યાએ ના પાડે તો બીજી જગ્યાએ એવી જ ક્રિયા થવા દે. પણ એમ થવા દેવા પાછળનું છૂપું કારણ એવું કરનારના હૃદયનો ભાવ હોય છે. કોઈક વખતે જેમને ઘેર ગયા હોય એમને એવી સૂચના આપે કે સાંભળનારને પણ અચરજ થાય. એક વખત એક વ્યક્તિને ત્યાં જનોઈ પ્રસંગે જવારા વાવવાના હતા. 'માતા' પધરાવવાના હતા. બાપજીની આ બાબતમાં સંમતિ લેવા યજમાને પૂછ્યું. બાપજી કહે, 'જવારા વાવવાથી માતા ના પધારે. ખરેખર તો હૃદયને મા જેવું બનાવવાનું હોય. બધું રહેવા દો અને એક વાત સાંભળી લો. દેવોને ઘરમાં ના ઘાલશો.' બાપજીની આ વાતથી કશી ગેરસમજ ન થાય તેથી એવી સ્પષ્ટતા કરવામાં આવી કે **પરમાત્માના અનુભવી સાથે જેમનો સહવાસ છે એમના પર દેવદેવીઓ પ્રસન્ન જ હોય છે.** ત્યાં એમને બોલાવવાની જરૂર નથી. હવે આમાં બીજું પણ રહસ્ય છે. દેવદેવીઓને શરીર નથી. એથી ભોગ ભોગવવા એમને માધ્યમ જોઈએ. જ્યારે આપણે એમનું આહ્‌વાન કરીએ એટલે એ આપણામાં પ્રવેશે ત્યારે સુખનો ઉપભોગ આપોઆપ થાય. પછી જ્યારે એમને વિદાય કરીએ અથવા તો એમનો ભોગભાગ પૂરો થાય એટલે ચાલ્યા જાય એટલે આપણા ભાગમાં-ભાગ્યમાં જે હોય તે ભોગવવાનું આવે. પછી લોકો અજ્ઞાનથી એવું બોલ્યા કરે કે, 'ભગવાને અમને દુઃખી કર્યા.' ભગવાન તો આનંદસ્વરૂપ છે. એ કોઈને સુખી કરતા નથી કે દુઃખી કરતા નથી. અનુભવી સંતના સમાગમ પછી એમના કથનનું હાર્દ સમજ્યા પછીની જીવનરીતિ બદલાય તો આપણું જીવન શાંત અને પ્રસન્ન બને.

આથી ઊલટું, એક ગામમાં એક જણને ઘેર બાપજી પધાર્યા. એ ઘરના સભ્યોને એટલો બધો હરખ હતો કે દરેકની આંખમાંથી આંસુ વહ્યે જતાં હતાં. થોડીક વારમાં ઘરનાં પુત્રવધૂ સફેદ કોરો કટકો લઈને બાપજી પાસે આવ્યાં. બીજો એક કટકો ખભા પર હતો. એ ખભા પરના કટકાથી એમણે બાપજીના પગનાં તળિયાં લૂછ્યાં. પછી થોડીવારમાં બીજા એક બહેન પલાળેલા કંકુનો થાળ લઈને આવ્યાં અને તે સફેદ કટકાને બાજુમાં મૂક્યો ને બાપજીને કહ્યું, 'આપ આ કથરોટમાં પગ મૂકો.' બાપજીએ એ પ્રમાણે કર્યું. પછી કંકુભીનાં પગલાં પેલા કોરા સફેદ વસ્ત્ર પર મુકાવરાવ્યા. બાપજીએ એ પ્રમાણે કર્યું. એ પછી એમણે સ્વચ્છ પાણીથી

પલાળેલા કટકાથી બાપજીના પગનાં તળિયાં ધોઈ-લૂછી કોરાં કર્યાં. આ બધું બાપજીએ પ્રસન્નતાપૂર્વક થવા દીધું. બાપજી આ સમગ્ર વિધિ કરનારાઓને ને વિધિ કરનારની આંખમાંથી વહેતા ભાવને જોયા કરતા હતા. એ ઘરે પ્રસાદ વગેરે લીધા પછી બાપજીને વિદાય આપતાં નાનેથી મોટાં સૌ કોઈના હૈયાનો ભાવ છલકાતો હતો. આ દશ્યના સાક્ષી બનેલ વ્યક્તિને બાપજીએ કહેલું, 'અમારા કંકુના પગલાંથી કશો ફેર પડવાનો નથી, પરંતુ એટલો સમય એમના હૃદયના ભાવ સાથે જોડાઈ રહેવાનું જે બન્યું એનું મહત્ત્વ છે.' માત્ર ક્રિયા જોનારને આ હકીકત ન સમજાય.

આવા અનુભવી સંતો દંભને ટાળે છે. અને સરળતાને- સહજતાને સત્કારે છે.

'ઝલક-ઝાંખી', પ્ર આ., પૃ. ૫૦ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન રામનવમી નિમિત્તે | | ૬૩,૦૦૦/- |
| ૨. | એક સ્વજન | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૩. | એક સ્વજન | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૪. | એક સ્વજન | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૫. | અંજના દેસાઈ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૬. | યોગેશ જયંતભાઈ પટેલ સ્વ. નયનબહેન જયંતભાઈ પટેલના સ્મરણાર્થે | સુરત | ૫,૦૦૦/- |
| ૭. | રેક્સ ઇન્સ્ટ્રુમેન્ટસ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૮. | વૈકુંઠરાય એસ. સોની | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૯. | જયશ્રી જ્યોતીન્દ્ર મહેતા (લંડન સ્થિત પુત્ર રોનકનાં બાળકો દેવર્સ અને નિત્યાનીના જન્મદિન નિમિત્તે | ઇસનપુર | ૧,૦૦૨/- |
| ૧૦. | શાંતિભાઈ એન. પટેલ જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | દિલીપસિંહ રત્નસિંહ મહીડા | રાજપીપળા | ૧,૦૦૦/- |
| ૧૨. | તરુબહેન કિરીટકુમાર સરૈયા (જન્મદિન (૧૦ માર્ચ) નિમિત્તે) | મણિનગર | ૧,૦૦૦/- |
| ૧૩. | જયરાજભાઈ વિનોદભાઈ સોલંકી સ્વ. પિતાશ્રી વિનોદભાઈ મફતલાલ સોલંકીના સ્મરણાર્થે ભેટ હસ્તે હિનાબહેન | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૪. | મહેન્દ્ર ગટુભાઈ મોદી પૌત્ર જેહાન દેવાંશુ મોદીના જન્મદિન ૧૦-૫ નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૫. | ગુણવંતભાઈ ભુંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૬. | મનોજભાઈ નરોત્તમભાઈ પટેલ | બારડોલી | ૫૦૧/- |
| ૧૭. | દેવલ જાની | મુંબઈ | ૫૦૦/- |
| ૧૮. | ધ્યાનવી સમીર જીનવાલા | સુરત | ૫૦૦/- |
| ૧૯. | ઉષાબહેન કિશોરભાઈ પટેલ | સુરત | ૨૫૫/- |
| ૨૦. | રંજનબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૨૧. | પ્રમોદભાઈ મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

# (૪) યોગક્ષેમ

શ્રીમોટા

ભગવાને ગીતામાં અભય વચન આપ્યું છે કે 'તારો યોગક્ષેમ હું માથે લઈ લઉં છું.' પણ ક્યારે ? કે જે મને અનન્ય ભાવે ભજે છે, મારી પાસે રહ્યા કરે, અને અનન્ય ચિત્તથી એટલે જીવનના એકે એક ક્ષેત્રમાં મારી પાસે જે ચારેબાજુએ બેસે છે તેવાઓનું, પળેપળ-નિત્ય, अभियुक्तानाम् એટલે કે જેઓ સતત મારી સાથે અભિયુક્ત એટલે આગળપાછળથી બધી રીતે જોડાયેલા છે, તેમનું યોગક્ષેમ હું વહન કરું છું. સાચો અર્થ એ છે કે એ **જીવનો આધ્યાત્મિક ઉદ્ધાર મારે માથે છે, પણ તે ઉપરાંત, એના જીવન વહેવારનો બોજો પણ ભગવાન માથે લેતો હોય છે.** ભગવાને ઘણાં ભક્તોનાં કામ કરેલાં છે. ભગવાન જાતે આવતો નથી, પણ એ નિમિત્તરૂપે ભક્તનાં કામ કરાવે. અને તેવે વખતે પેલો ભક્ત તો ભગવાન જ હાજરાહજૂર આવીને કામ કરી જાય છે એમ શ્રદ્ધાપૂર્વક માનતો હોય છે. એટલે આપણામાં એવી માન્યતા છે કે ભગવાન જ એનાં કામ કરે છે.

એટલે આ કાળમાં ભગવાનમાં ભક્તિ ન હોવાથી આપણને એમ લાગે છે કે એમ ક્યાં કામ બની જાય ? પણ એવી ભક્તિ નહિ એટલે લોકો આમ માને.

**બે અનુભવ**

(૧) હું ૧૯૪૦-'૪૧માં ગાંધી આશ્રમમાં હતો ત્યારે મારી ઉપર એક Registered Insured પૅકેટ આવ્યું. તેમાં ઉર્દૂ કે અરેબિક લખાણ હતું. ત્યાં ગુલામરસૂલ કુરેશીભાઈ કરીને એક ભાઈ આશ્રમમાં રહે. એ લખાણ તેમને વંચાવવા હેમંતભાઈને મોકલ્યા. એ રજિસ્ટર ભદ્રથી થયેલું અને એમાં લખાણ હતું કે 'તારા પૈદાઈશીને દિવસે (જન્મદિને) વિમાનમાં બેસીને કરાંચી આવવું.' વિમાનની ટિકિટના પૈસા પણ એ ઓલિયાએ મોકલેલા અને દિવસો પણ ત્રણચાર કે પાંચ જ રહેલા. ટપાલથી ખબર આપી શકાય એવી કોઈ શક્યતા ન હતી. એ કાગળમાં લખેલી હકીકત સાચી બનેલી છે. અને વિમાનમાં બેસીને ગયો ત્યારે એટલી ઊંચી કક્ષાએ જે અનુભવ થવો જોઈએ તે મને થયેલો. ત્યારે બેઠો ત્યાંથી મને સમાધિ થઈ ગયેલી તે ઊતર્યો ત્યાં સુધી. અને એ ઓલિયાની સાથેની વાતથી ખબર પડેલી કે એક મનુષ્યને મેં પ્રેરણા કરેલી અને તેની મારફત તને રકમ મળેલી. આવી રીતે બને ત્યારે ભક્તને એમ જ થાય કે ભગવાન મારું કામ કરે છે. અનન્ય ચિત્તથી કે લક્ષથી ભગવાનનું ભજનકીર્તન-એનું સ્મરણ, જીવનમાં જીવતુંજાગતું રાખ્યા કરીએ, તો એ બધું એના માથે લઈ લે છે. અને આપણને કેટલી નિશ્ચિંતતા થઈ જાય છે !

**આવું અભયવચન આપ્યા છતાં માનવીનું મન ભગવાનમાં પરોવાતું નથી.** વેદકાળમાં ભગવાનની ભાવનાનું મહત્ત્વ બહુ હતું. આજે એ ઘટી ગયું છે. એટલે આપણા જીવનમાં નિશ્ચિંતતા એક વખત પ્રગટાવવા માટે એ ખૂબ જરૂરનું છે.

(૨) અમારી સ્થિતિ ખૂબ ગરીબ હતી અને છે. નડિયાદમાં મારા ભાઈઓ છે અને એ લોકો જેમ તેમ નભાવે છે. આવી સ્થિતિ છતાં મેં રચનાત્મક કાર્ય કર્યું. ૨૦ વર્ષ સુધી હરિજન સેવા

**(અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)**

## (૫) હૃદય ખોલવાનું એકાદું ઠેકાણું રાખો

**રાજેશ વ્યાસ 'મિસ્કીન'**

*સાચેસાચા સમ ખાવાનું એકાદું ઠેકાણું રાખો,*
*સુખ-દુઃખનું ગાણું ગાવાનું એકાદું ઠેકાણું રાખો.*

*મુક્ત બનીને થાતી ફોગટ દોડાદાડી થકવી દેશે,*
*સામે ચાલી બંધાવાનું એકાદું ઠેકાણું રાખો.*

*પોતાના પડછાયાથી પણ જ્યાં રહેવાતું સાવ સલામત,*
*એવી ઓથે સંતાવાનું એકાદું ઠેકાણું રાખો.*

*ભરનિંદરમાં ભૂલ ભલે થઈ, એનું ઓસડ હાથવગું છે,*
*જાગી જઈને શરમાવાનું એકાદું ઠેકાણું રાખો.*

*પગલું માંડો ત્યાં જ પ્રયોજન આપોઆપ ઉઘાડું પડતું,*
*સાવ અકારણ પણ જાવાનું એકાદું ઠેકાણું રાખો.*

*પાણીથી પલળેલી કાયા પળભરમાં કોરી થઈ જાશે,*
*અંદરઅંદર ભીંજાવાનું એકાદું ઠેકાણું રાખો.*

*મેઘધનુષી રંગોના વાઘાથી દેહ ભલે શણગાર્યો,*
*ભગવા રંગે રંગાવાનું એકાદું ઠેકાણું રાખો.*

- ***નીતિન વડગામા***

પ્રત્યેક માણસ શંકાથી ભરેલો છે. જલદીથી કોઈની ઉપર વિશ્વાસ નથી મૂકતો. કોણ ક્યારે કેવી રીતે છેતરી જાય એ કહેવાય એમ નથી. કોઈની પાસે તમારા જીવનની વાત કરો અને બીજી જ પળથી એ માણસ જાણે પોતાને શ્રેષ્ઠ ગણવા મંડે છે તમને તુચ્છ ગણવા મંડે છે. આજના સમયમાં પ્રત્યેક માણસ એટલો બધો નેગેટિવ (=નકારાત્મક) થઈ ગયો છે કે એના જેટલો ખરાબ કોઈ ન હોઈ શકે. પોતે ખરાબ છે એ કહેવાની હિંમત આજનો માણસ ખોઈ બેઠો છે અને એટલે જ વારેવારે એ કહે છે કે જમાનો ખરાબ છે. **ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી, તેથી બધા કહે છે જમાનો ખરાબ છે. - મરીઝ**

કોઈ ડૉક્ટરના દવાખાનાની બહાર લખેલું વાક્ય વાંચવાનું મને યાદ છે. જો તમે કોઈની પાસે હૃદય ખોલ્યું હશે તો ડૉક્ટરો પાસે હૃદય ખોલવાનો વારો નહીં આવે. બધા જ હૃદય રોગવાળાઓએ હૃદય ખોલ્યું નથી હોતું એવું નથી હોતું, પણ લાગણીશીલ માણસ વધારે દુઃખી થાય છે. એકબાજુ હૃદય ખોલવું હોય છે પણ વિશ્વાસ આવતો નથી. અને એક બાજુ બધાની સાથે મળવું હોય છે અને હૃદયથી ઊઘડવું નથી હોતું. બધા ઓળખે એવી ઇચ્છા હોય છે, પરંતુ કોઈ ઓળખી ન જાય એની ચિંતા પણ હોય છે. કદાચ આપણે ક્યાંય હૃદય ખોલ્યું નથી કે ખોલી શકતાં નથી. તેથી જ બી.પી., ઍસિડિટી, હાર્ટએટેક, જેવી અનેક બીમારીઓ ઘેરી વળતી હોય છે.

કવિ નીતિન વડગામાની આ ગઝલ એકાંતમાં ફરી ફરી વાંચવા જેવી છે. વાતે વાતે આપણે સોગન ખઈએ છીએ, પરંતુ પ્રિયમાં પ્રિય વ્યક્તિના સાચેસાચા સોગન ખાવા હોય તો હિંમત ચાલે ખરી ? જ્યાં સાચેસાચું કહી શકાય, જ્યાં હૃદય ખોલી શકાય જીવનમાં એવી એકાદ વ્યક્તિ તો હોવી જોઈએ. જે ઘેર જઈને આપણા દુઃખની જ નહીં, સુખની વાત પણ કહી શકાય અને મોકળા મને રડી શકાય એવું એકાદ ઘર તો હોવું જોઈએ. જીવનમાં એકાદ ઠેકાણું એવું રાખવું જોઈએ. મોટાભાગના

માણસોને અનેક ઠેકાણે સંબંધો છે, પરંતુ આવું એક ઠેકાણું ખોઈ બેઠા છે.

હું મારી મરજીનો માલિક છું, મને ફાવે ત્યાં જઉં, મને કોઈ રોકી શકે એમ નથી. એમ માનીને આપણે સ્વચ્છંદી બનીને દોડ્યા કરીએ છીએ. આપણા અહંકારને આ ગમે પણ છે, પરંતુ સામે ચાલીને બંધાવું ગમે, જેનું બંધન આપણને આ દુનિયામાં જિવાડે એવું એકાદ ઠેકાણું તો જીવનમાં હોવું જોઈએ.

સલામત સ્થળ તો આપણો પડછાયો છે, કારણ કે એ આપણને છોડીને ક્યારેય જતો નથી. આપણી સાથે ને સાથે ચાલે છે. કોઈ પડછાયા જેવી ઓથ હોય જીવનમાં એ ખૂબ જ જરૂરી છે. અજ્ઞાનતાવશ એટલે કે ઊંઘમાં, અજાણતા કોઈ ભૂલ થઈ ગઈ હોય તો એ એનો ઉકેલ હાથવગો છે. કોઈ એવી એક વ્યક્તિ. એવું એક સરનામું જીવનમાં હોવું જોઈએ. જ્યાં તમે જઈને શરમાઈને પણ બધી વાત કહી શકો. કોઈને ઘેર જાવ અને તરત એ તમારા આવવાનું કારણ પૂછે છે, ક્યાં તો પછી મનોમન વિચારવા મંડે છે કે કેમ આવ્યા હશે ? પણ જીવનમાં એકાદ ઠેકાણું હોવું જોઈએ જ્યાં સાવ કારણ વગર જઈ શકાય.

સ્નાન કરીએ કે વરસાદમાં પલળીએ, મેળાવડાઓમાં જઈએ કે સભાઓમાં બેસીએ, આપણા બહારના સ્મિત, આપણું બહારનું પલળવું બધું કોરુંધાકોર હોય છે. આપણે પલળેલાં છીએ એવું દેખાડતાં હોઈએ છીએ ત્યારે પણ અંદરથી જાણતાં હોઈએ છીએ કે સાવ કોરાં છીએ. બહારથી ભલે સાવ કોરાં છીએ. બહારથી ભલે સાવ કોરાં રહીએ પણ જ્યારે જ્યારે મળીએ ત્યારે હૃદયથી ભીંજાઈ જવાય એવું ઠેકાણું રાખવું જોઈએ.

ક્યારેક એમ લાગે છે કે બધુંય છોડીને ક્યાંક ચાલ્યો જઉં. ક્યારેક લગ્નમાં જવાનું હોય છે અને રંગબેરંગી કપડાંઓ પહેરવાનાં હોય છે. ક્યારેક શોકસભામાં કે બેસણામાં જતાં સફેદ વસ્ત્રો પહેરી લેવાના હોય છે. મૂડ અને પ્રસંગો પ્રમાણે આખો દિવસ મેઘધનુષી રંગોથી આપણા શરીરને શણગાર્યા કરીએ છીએ. સંસારના બધા જ રંગો જુદા જુદા મનોભાવો સાથે સંકળાયેલા છે અને એ મનોભાવો આપણને એ ભાવમાં ડુબાડી દે છે, પણ ક્યારેક વિચારવા જેવું છે કે આ બધા રંગો ક્યાં સુધી ટકવાના ? ક્યારેક આપણી અંદર રહેલો દ્રષ્ટા આ બધું જોતો હોય છે અને જાણતો હોય છે. આ સંસાર તો ગમે ત્યારે આપણને જુદી જુદી રીતે માયામાં જ ડુબાડતો રહેવાનો છે. એટેચ કે ડીટેચ કરીને ડીટેચમેન્ટની પણ માયા કરાવે છે. પણ **જે દ્રષ્ટાભાવે આપણને જીતવા શિખવાડે એ ભગવો રંગ છે.** જેના સાંનિધ્યમાં મન ભગવા રંગે રંગાય એવું એકાદ ઠેકાણું રાખવું જોઈએ. આ ગઝલ વાંચતાં વાંચતાં અનેક વખત લાગ્યું કે આપણે બધાં ઠેકાણું ખોઈ બેઠેલાં માણસો છીએ. અંદરથી બધાં જ સરખાં છીએ અને બધું જ સરખું છે.

'ગુજરાત સમાચાર', તા. ૨૬-૨-૨૦૨૦ ❑

## (૬) અતિમનસ આવિર્ભાવ

મકરન્દ બ્રહ્મા

*(શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીના પરમ ભક્ત તથા તેમના આધ્યાત્મિક સાહિત્યના લેખક અને અનુવાદક, સંસ્કૃત ભાષાના નિવૃત્ત અધ્યાપક શ્રી મકરંદ બ્રહ્માનો શ્રીઅરવિંદના અતિમનસ અવતરણ વિશેનો આ લેખ છે. પૂ. શ્રીમોટાએ 'મોટાચરણે'ના રચયિતા શ્રી એ. જી. ભટ્ટ સાથે સત્સંગ વાર્તાલાપમાં એમ કહ્યું હતું, 'શ્રીઅરવિંદના માનવશરીરના દિવ્યરૂપાંતરની વાત સો ટકા સાચી છે, જે શક્યતા નહિ પણ વાસ્તવિકતા છે અને ભવિષ્યમાં એ થઈને જ રહેશે. અત્યારે તે Process છે. બહુ ઓછા માણસો એની કિંમત આંકે છે, પણ બહુ મોટી વાત શ્રીઅરવિંદે કરી દીધી છે.' શ્રીઅરવિંદના અતિમનસ યોગની ફલશ્રુતિને સ્પષ્ટ કરતાં ટોચના બૌદ્ધિક અને પરમજ્ઞાની શ્રી વિમલાબહેન ઠકારે કહ્યું હતું, 'એક જૈવિક ઉત્ક્રાંતિને કારણે મનુષ્ય દેહનો જે આકાર છે એ તો લગભગ પૂર્ણતા સુધી પહોંચી ગયો છે. હવે જે ક્રાંતિ થવાની છે એ ચેતનાના સ્તર પર થવાની છે. ચેતનાના સ્તર પરની ક્રાંતિ એ આજનો યુગધર્મ છે.' - સંપાદક)*

શ્રીમાતાજી તરીકે પાછળથી પ્રસિદ્ધ થયેલાં મીરા આલ્ફાસા નામનાં ફ્રેંચ મહિલા પૉંડિચેરી ખાતે સ્થાયી થયેલા મહાયોગી શ્રીઅરવિંદ પાસે છેક ૧૯૨૦માં આવીને ત્યાં કાયમ માટે વસી ગયાં. તેમની આધ્યાત્મિક ઊંચાઈ-ઊંડાઈ એટલી તો જબરજસ્ત હતી કે શ્રીઅરવિંદે તેમને શિષ્યા તરીકે નહિ, પણ આધ્યાત્મિક સાથીદાર તરીકે સ્વીકાર્યાં, એટલું જ નહિ પણ ૧૯૨૬માં આશ્રમના સંચાલનની તેમ જ સાધકોની સાધનાની જવાબદારી તેમને સોંપી. બન્નેએ અતિમનસ ચેતનાના આવિર્ભાવ અને પૃથ્વી પર તેના કાયમી સ્થાપન માટે સઘન સંયુક્ત સાધના કરી. શ્રીઅરવિંદે અમુક ગૂઢ કારણોસર ૧૯૫૦માં સ્વેચ્છાએ શરીર છોડી દીધું. ત્યાર પછી પણ શ્રીમાતાજીએ શ્રીઅરવિંદની અશરીરી સૂક્ષ્મ દોરવણી હેઠળ અતિમનસના આવિર્ભાવની સાધના ચાલુ જ રાખી. જેના પરિણામરૂપે ૧૯૫૬ની ૨૯મી ફેબ્રુઆરીએ આશ્રમના ક્રીડાંગણમાં સમૂહધ્યાન વખતે અતિમનસનો આવિર્ભાવ થયો. આ ઘટનાને શ્રીમાતાજીના પોતાના જ શબ્દોમાં જોઈએ.

'...મારી સામે એક જબરજસ્ત અને દળદાર સોનેરી બારણું હતું જે જગતને પ્રભુથી અલગ રાખતું હતું. જેવું મેં એ બારણા સામે જોયું કે તરત જ ચેતનાની એક જ ગતિમાં મેં જાણી લીધું અને સંકલ્પ કર્યો, 'સમય આવી પહોંચ્યો છે' એવા શબ્દો મેં અંગ્રેજીમાં સાંભળ્યા, નહિ કે ફ્રેંચમાં. જાણે કે શ્રીઅરવિંદ તે બોલ્યા હતા. બન્ને હાથે એક મોટો સોનેરી હથોડો ઊંચકીને મેં બારણા પર એક પ્રહાર કર્યો, એકમાત્ર પ્રહાર અને બારણાના ટુકડે ટુકડા થઈ ગયા. ત્યારબાદ અતિમનસ પ્રકાશ અને શક્તિ અને ચેતના નીચે પૃથ્વી પર અસ્ખલિત પ્રવાહમાં વહેવા લાગ્યાં... પ્રકાશનું એ પૂર સમગ્ર જગત ઉપર ફરી વળ્યું...વીસ મિનિટ સુધી પ્રકાશનો અભિષેક થતો જ રહ્યો. ધ્યાનમાં વીસ મિનિટ સુધી મેં એને જોયા કર્યો અને પછી ધ્યાન બંધ કર્યું. મારા બાહ્ય વ્યક્તિગત સ્વમાં પાછા આવવા માટે મારે

ખાસ પ્રયત્ન કરવો પડ્યો અને મહામુશ્કેલીએ હું શબ્દ બોલી શકી... વૈશ્વિક વાતાવરણમાં આ આવિર્ભાવ સૂક્ષ્મ ભૌતિક જગતમાં (subtle physical world) થયો છે. બાહ્ય (સ્થૂળ) ભૌતિક જગતમાં હજુ સુધી કંઈ દેખી શકાય તેવું નથી.

હવે 'આ અતિમનસ એટલે શું ?' એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય. એ સમજવાનો પ્રયત્ન કરીએ. શ્રીઅરવિંદનાં દર્શન મુજબ આ વિશ્વમાં પરમાત્માના ક્રમિક આવિર્ભાવની, ઉત્ક્રાંતિની પ્રક્રિયા નિરંતર ચાલી રહી છે. સૌ પ્રથમ પરમાત્માએ પોતાનો આવિર્ભાવ કર્યો matter એટલે કે જડપદાર્થરૂપે કરોડો વર્ષો સુધી પૃથ્વી ઉપર માત્ર જડપદાર્થો, પંચસ્થૂળ મહાભૂતો જ રહ્યા. ત્યારબાદ આધ્યાત્મિક ઉત્ક્રાંતિના બીજા તબક્કામાં પ્રભુએ પોતાનો આવિર્ભાવ પ્રાણ અથવા જીવન અથવા life સ્વરૂપે કર્યો. તેથી ધીમે ધીમે પૃથ્વી ઉપર વનસ્પતિ, જળચર, સ્થળચર પ્રાણીઓ તથા પક્ષીઓ અસ્તિત્વમાં આવ્યાં. અહીં એક મુદ્દો નોંધવો જોઈએ. ડાર્વિન માત્ર જડપદાર્થ સ્વીકારે છે તેથી તેમના ઉત્ક્રાંતિવાદમાં જડમાંથી ચેતન, નિર્જીવમાંથી સજીવ કેવી રીતે વિકસ્યું તેનો સર્વસ્વીકાર્ય ખુલાસો મળી શકતો નથી. જ્યારે શ્રીઅરવિંદના ઉત્ક્રાંતિવાદમાં પાયામાં જ વિશુદ્ધ ચૈતન્યરૂપ પ્રભુનો સ્વીકાર થયો હોવાથી આ મુશ્કેલી નડતી નથી. હા, તો પૃથ્વી ઉપર આ પ્રાણપ્રધાન પ્રાણિક જીવન કરોડો વર્ષો સુધી રહ્યું. ઉત્ક્રાંતિના ત્રીજા તબક્કામાં પૃથ્વી ઉપર મન (=બુદ્ધિ)નો આવિર્ભાવ થયો અને પરિણામે સમય જતાં બુદ્ધિપ્રધાન મનુષ્ય અસ્તિત્વમાં આવ્યો, અને તેણે મન અથવા બુદ્ધિનો પુષ્કળ વિકાસ કર્યો. આમ છતાં **માનવચેતનામાં પુષ્કળ અપૂર્ણતાઓ છે.** પારાવાર દુઃખ, અજ્ઞાન, ધિક્કાર, હિંસા, આક્રમકતા, ભય, સ્વાર્થ આદિ. હા, સમયે સમયે અવતારી, વિભૂતિઓ વગેરે આ બધાંથી ઉપર ઊઠી પ્રભુને પામે છે અને મુઠ્ઠીભર અનુયાયીઓને પ્રભુપ્રાપ્તિ કરાવે છે, પણ મોટાભાગની માનવજાત તો દુઃખ આદિથી ખરડાયેલી નિમ્ન ચેતનામાં જ જીવે છે. શ્રીઅરવિંદ કહે છે કે પરમાત્માની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ આવી ખરડાયેલી, અપૂર્ણ ચેતનાએ અટકી જઈ શકે નહિ, મનુષ્યની માનસિક ચેતના છેવટની ચેતના હોઈ જ ન શકે. જેમાં ઉપર્યુક્ત અપૂર્ણતાઓ ન હોય તેવી ચેતના હોવી જ જોઈએ અને છે જ. તેને શ્રીઅરવિંદે નામ આપ્યું છે અતિમનસ. આ દિવ્ય અતિમનસ ચેતનાના બંધારણમાં જ દિવ્ય સત્ય, જ્ઞાન, પ્રેમ, આનંદ, સંવાદિતા આદિ સ્વતઃ રહેલાં છે. આપણે આગળ જોયું તેમ શ્રીમાતાજી અને શ્રીઅરવિંદના સંયુક્ત પુરુષાર્થથી ૧૯૫૬ના ફેબ્રુઆરીની ૨૯મી તારીખે આશ્રમમાં અતિમનસ ચેતનાનો આવિર્ભાવ થયો. થોડાં હજાર વર્ષોમાં તે સમગ્ર જગતમાં વ્યાપી જશે, જ્યાં શક્ય હશે ત્યાં અત્યારની માનસિક ચેતનાનું સ્થાન પોતે લઈ લેશે અને જેવી રીતે મન અથવા બુદ્ધિએ જગતની કાયાપલટ કરી નાખી તેમ અતિમનસ ચેતના પોતાની દિવ્યતા દ્વારા અત્યારના જગતની કાયાપલટ કરી નાખશે, તેની અપૂર્ણતાઓને ખતમ કરી નાખશે, એટલી હદ સુધી કે માત્ર બુદ્ધિ કે પ્રાણ જ નહિ, શરીર matter સુધ્ધાં અતિમનસ દિવ્યતાને પ્રકટ કરશે : Matter shall reveal the spirit's face.

❏

## (૭) સંસારની રચના સમજીએ તો શાંતિ

શ્રીમોટા

કુટુંબીજનો તમારા પરત્વે જે રીતે વર્તે છે એથી તમે દુઃખ અનુભવો છો. તમે એમ કહેશો કે તમારો વાંક નથી હોતો. **આમ કુટુંબના સભ્યો-વડીલો વાંકવાળાં અને તમે નિર્દોષ છો એમ તમે જે માનો છો એ જ પાયાના વિચારદોષ છે,** કેમ કે આપણે સૌ સંસારીભાવથી જીવીએ છીએ ત્યાં લગી આપણે દોષથી મુક્ત નથી. સંસારીભાવ એટલે અહંતા અને મમતાવાળા રહેવું. અને એવા ભાવથી પ્રેરાઈને વર્તવું. 'હું કહું છું-હું માનું છું, મારી જ વાત સાચી છે, હું ઇચ્છું એ પદ્ધતિએ બધાંએ વર્તવું જોઈએ અથવા તો ઘરના બધા જ સભ્યો મારી ઇચ્છાને જ માન આપે, એવા વિચારો સેવવા અને એની પકડ રાખવી એ સંસારીભાવ છે. આને જીવદશા તરીકે ઓળખાવી શકાય. વળી, 'હું ભણેલો-ગણેલો છું, હું આબરૂવાળો છું, કોઈ બે માણસ બહારના ક્ષેત્રમાં તો મારી સલાહ લે છે અને ઘરમાં તો મારું કહેવાનું કોઈ લેખામાં પણ લેતું નથી'- આ માન્યતા કે સમજણ એ અહંતા છે.

**દોષ તો આ સંસારની રચનામાં રહેલા છે.** તેને કોઈ ટાળ્યા ટાળી શકે એમ નથી. રાત પડે અને અંધારું થાય છે. કુદરતી રચના જ એવી છે કે અંધકાર થાય એટલે પૃથ્વીના પરિભ્રમણ વિશેના જ્ઞાનની સભાનતા હોય તો અંધારાની સ્થિતિ આપણને અકળાવતી નથી. એવી રીતે સંસારની રચનાના રહસ્ય વિશેની આપણી અજ્ઞાનતાને લીધે આપણે નકામા નકામા દુઃખી થઈએ છીએ. આખો સંસાર જ દોષિત છે, પણ આપણે કોઈપણ વ્યક્તિના દોષને સુધારી શકવાનાં નથી. આપણા કહેવા માત્રથી એમના દોષ નીકળી જાય એવું કદી પણ બનવાનું નથી. આ હકીકત નિશ્ચિત છે. આ બાબતને એક પાયાની Fundamental હકીકત તરીકે તમારે સ્વીકારવી જોઈએ. હજી જ્યાં લગી આપણે પોતે જ આવી અહંતાના દોષથી ભરેલાં છીએ ત્યાં લગી બીજાના દોષને કેવી રીતે સુધારી શકવાનાં છીએ ?

વળી, એક બીજી વાત : બીજાઓના દોષના વારંવાર વિચારો કરવાથી તેમ જ એ દોષો જોયા કરવાથી આપણી અશાંતિમાં વધારો થવાનો છે. એ વાત પણ નક્કી સમજજો. **માટે તમે બીજાના દોષ જોવાનું સમૂળગું મૂકી દો.** સંયુક્ત કુટુંબમાં રહેવાથી કરીને અથડામણ, સંઘર્ષણ, ક્લેશ, સંતાપ, દુઃખ, મુંઝવણ વગેરે બધું થયા જ કરવાનું, કારણ કે સંસારનો એ સ્વભાવ છે અને એનો ગુણધર્મ છે. આ અગ્નિના ગુણધર્મ દઝાડે એવા છે અને નર્કના ગુણધર્મ દુર્ગંધ મારે એવા છે. તમે એનો વિરોધ કરતા નથી. આ હકીકતનો તમે સ્વીકાર કરો છો, કારણ કે એના વિશેની સમજણ તમારા મનમાં પૂરેપૂરી પાકી થયેલી છે. એટલે હમણાં જણાવ્યા તેવા સંસારના ગુણધર્મોને સ્વીકારી લેવાથી આપણામાં કેટલેક અંશે તો શાંતિની ભૂમિકા બંધાશે. સંસારના આવા પ્રકારના દોષને કોઈ નિવારી શકે એમ નથી. આમ છતાં જિજ્ઞાસુ વ્યક્તિને જો ખરેખરી ઝંખના અને તાલાવેલી લાગે તો એ પોતાના એવા દોષને જરૂર ટાળી શકે છે. પોતાનામાં જે સંસારીભાવ છે, પોતાની જે જીવદશા છે એવી દશા એવી સ્થિતિ પોતાને ઘણી ઘણી ડંખે-અંતરમાં ઘણો

ઘણો પશ્ચાત્તાપ થાય તો એવા દોષમાંથી મુક્ત થઈ શકાય. બાકીનાં તો એવી સ્થિતિમાં ગબડ્યા કરવાના.

માટે બીજા કોઈના પણ દોષ જોવામાં જ્યારે પણ મન પરોવાય કે તરત જ આપણે જાગ્રત બની જવું અને નક્કી કરવું કે આપણે બીજાના દોષ જોવા નથી, કેમ કે એ બધું તો સંસારના સ્વાભાવિક ગુણધર્મોવાળું જ છે. **મહાત્મા ગાંધીએ પોતાની પાસે રાખેલું ત્રણ વાંદરાનું રમકડું યાદ રાખવા જેવું છે.** કોઈના દોષ જોવા નહિ, કોઈના દોષ સાંભળવા કાન માંડવા નહિ અને કોઈના વિશે નિંદાત્મક બોલવું પણ નહિ. શાંતિ પામવાનો આ જ સાચો માર્ગ છે. બીજા કોઈમાં અમુક પ્રકારના દોષ હોય. આપણે બધાં જ દોષથી ભરેલાં છીએ. એટલા માટે આપણે કોઈ કોઈને કશું કહી શકીએ કે કોઈને આપણે સુધારી શકીએ એવી સ્થિતિમાં નથી.

કોઈ સાધુ-મહાત્માના બોધથી, સ્પર્શથી, કૃપાથી કોઈ જીવના દોષ ટળી જાય છે એમ માનવામાં નર્યું અજ્ઞાન છે. એમ છતાં એટલું ખરું કે જે સંત-મહાત્મા સંપૂર્ણપણે મુક્તાવસ્થા પ્રાપ્ત કરી ચૂકેલા હોય અને એવા પદ પર નિરંતર રહેલા હોય, એવાની સાથે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક હાર્દિક પરિચય થાય અને એ પરિચયમાં જ્યારે આપણું દિલ પ્રગટેલું રહે અને પરોવાયેલું રહે ત્યારે આપણા જીવનના દરેક ક્ષેત્રમાં એમનો પરિચય હે (મદદ) પૂરતો હોય છે. દોષ ટાળવા માટે તો દરેક જીવે પોતે જાગૃતિ રાખી રાખીને અને ટાળવા માટેનો મરણિયો પુરુષાર્થ કરવો પડે છે. પોતાનાં સુખદુઃખના મૂળમાં પોતાની પ્રકૃતિ-પોતાનો સ્વભાવ કારણરૂપ છે એટલું ભાન થતાં જ આપણે આપણા હૃદયમાં વિરાજેલા-બેઠેલા-ભગવાનને પ્રાર્થના કરવી-દિલની ભાવનાથી-આર્તતાથી અને હૃદયની આર્દ્રતાથી કૃપા મદદ યાચવાનો પ્રયત્ન કર્યા કરવો. આવા પ્રકારના પ્રયત્નથી એમની કૃપાશક્તિ આપણને નભાવ્યા કરતી હોય છે. આ વાત હું તમને મારા અનુભવ પરથી કહું છું.

'સુખનો માર્ગ', છઠ્ઠી.આ.,પૃ.૯ ❑

---

**(અનુસંધાન પેજ નં. ૨૧ નું ચાલુ)**

**બેઠાથી બેગાર ભલો.** બેઠા રહેવા કરતાં એટલે આળસુ રહેવા કરતાં બેગાર એટલે કોઈની વેઠ કરવી તે પણ સારી કહી છે, કેમ કે પેદાશ વગરનું છતાં પણ તે કામ છે, અને કામ કરનાર માણસનાં શરીર, ઇંદ્રિયોને અંતઃકરણ બલવાન રહેવાથી તે ગમે ત્યાંથી પોતાનું ગુજરાન મેળવી શકે છે, ભૂખ્યોદુઃખ્યો રહેતો નથી. આળસુ માણસ તો મડદા જેવો છે. જેમ મડદું પોતાના હાથપગ હલાવતું નથી, તેમ આળસુ માણસોને પોતાના હાથપગ હલાવવા ગમતા નથી.

વળી પરમાર્થમાં એટલે કે પ્રભુની પ્રાપ્તિના માર્ગમાં આગળ વધવા માટે તો મોટા **પુરુષ પ્રયત્નની** જરૂર છે. પરમાર્થ સાધવા માટે નિત્યનૈમિત્તિક કર્મ એ તો ધર્મનું પહેલું પગથિયું છે. વળી, તેના વડે કરીને ચિત્તશુદ્ધિ થતાં ઉપાસના અને જ્ઞાનપ્રાપ્તિ બને છે. આળસ એ મનુષ્યનો સુલભ મહાશત્રુ છે, કારણ કે તે શરીરની અંદર રહીને અડચણ કરે છે.

'પરમસુખી થવાના ઉપાય', આઠમી આવૃત્તિ ❑

## (૮) ભક્તિમાર્ગ સરળ છે

**ડોંગરેજી મહારાજ**

સંસાર માયામય છે. પરમાત્મા આનંદમય છે. માયાની લીલા જોવાથી, તેનું ચિંતન કરવાથી મન બગડે છે. ભગવાન જે કંઈ કરે છે તે આપણા માટે કરે છે. આનંદમય પરમાત્માને કોઈ સ્વાર્થ નથી, કોઈ સુખ ભોગવવાની ઈચ્છા નથી. ગંગા મૈયાને તરસ લાગતી નથી. એ શીતળ જળ આપણા માટે વહેવડાવે છે. સૂર્યનારાયણને પ્રકાશની જરૂર નથી, એ જ્યાં ત્યાં પ્રકાશ આપણા માટે પ્રસરાવે છે. **માનવ કંઈ કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનકર્તા છે.** માનવ ક્રિયા કરે તેમાં તેને સ્વાર્થ હોય છે, અભિમાન હોય છે, 'હું' કરુંની ભાવના હોય છે. પૂર્ણ રીતે નિઃસ્વાર્થ બનીને નિરભિમાન થઈને કરવામાં આવે તે લીલા કહેવાય છે. જીવન મૂળથી ભગવાનનો અંશ છે, પણ સ્વરૂપને ભૂલ્યો છે.

અંદરથી પરમાત્મા સાથે પ્રેમ રાખો. સંસાર સાથે પ્રેમ તે આસક્તિ છે. ભગવાન સાથે પ્રેમ તે ભક્તિ છે. કોઈનો તિરસ્કાર ન કરો, કોઈ સાથે વધુ પ્રેમ ન કરો. અંતકાળમાં જીવને પશ્ચાત્તાપ થાય છે. તમે જેને પોતાનો માનતા હતા, તે તમારો નથી રહેતો. જગતનો સંબંધ છોડવો જ પડશે. જગ છોડવાનું જ છે એમ સમજી પ્રભુ સાથે પ્રેમ કરો.

કૃષ્ણલીલાએ સર્વ પ્રકારના જીવોનું આકર્ષણ કર્યું છે ! વક્તા વિવેકથી કથા કરે તો નાસ્તિક પણ 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ'નું કીર્તન કરવા લાગે, ભગવન્નામ જપવા લાગે છે. કૃષ્ણલીલામાં કૃષ્ણ બાળક છે તેથી બાળકોને આનંદ આવે છે. કૃષ્ણલીલાના શૃંગારના વર્ણનમાં શૃંગારપ્રિય જીવોને આનંદ આવે છે. શ્રીકૃષ્ણ તો નિષ્કામ છે. જીવનું આકર્ષણ કરતાં ભગવાન શૃંગારલિલા કરે છે. શ્રીકૃષ્ણમાં વૈરાગ્ય પરિપૂર્ણ છે. સોનાની દ્વારકા ડૂબી, યાદવોનો વિનાશ થયો તોપણ ભગવાનને જરાપણ દુઃખ થયું નથી.

સંસાર અનિત્ય છે. ખોટો રૂપિયો પડી જાય તો રડવાનું કે હસવાનું ? જ્ઞાનમાર્ગમાં ઇંદ્રિયરૂપી દરવાજા બંધ રાખવા પડે છે. એકાદ દરવાજો ઉઘાડો રહી જાય તો એકાદ વિષય અંદર પ્રવેશી જાય છે. જ્ઞાનમાર્ગમાં પ્રત્યેક ઇંદ્રિયોનો વિરોધ કરવો પડે છે. **ભક્તિમાર્ગ સરળ છે.** ભક્તિમાર્ગમાં પ્રત્યેક ઇંદ્રિયથી ઈશ્વરનાં દર્શન કરો. સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. સંસારની કોઈ વસ્તુ એકને સારી લાગે તે અન્યને ખરાબ લાગે છે. કોઈની નિંદા કરવી તે પાપ છે. માનવનાં વખાણ કરવાં તે બહુ સારું નથી. તમે આજે જેનાં વખાણ કરો છો, સંભવ છે થોડા દિવસ પછી તેની નિંદા પણ કરો. આંખ, મન ભગવાનના સૌંદર્યમાં ફસાય તો બેડો પાર છે. ભગવાને મધુર વાંસળી વગાડી કાનનું આકર્ષણ કર્યું. સંતો કહે છે કે વૃંદાવનમાં 'વંશીવટ' છે. ત્યાં આજે પણ વાંસળીનો મધુરનાદ સંભળાય છે. ભગવાને પોતાના અલૌકિક સૌંદર્યથી આંખનું આકર્ષણ કર્યું.

**મન સંસારમાં રહે એ બંધન છે, મન ભગવાનમાં રહે એ મુક્તિ છે.** બ્રહ્મદૃષ્ટિ થવી કે બ્રહ્મજ્ઞાની થવું બહુ કઠણ છે. જ્ઞાન અનુભવથી સફળ થાય છે. માનવી મૂર્ખ નથી. તે જ્ઞાની છે, પણ માનવનું જ્ઞાન શબ્દાત્મક છે. જ્ઞાન શબ્દાત્મક હોય તો બોજારૂપ છે. જ્ઞાન પ્રમાણે ક્રિયા થાય તો જ્ઞાનનો અનુભવ થાય છે. જ્ઞાનનો અનુભવ થવાથી સર્વમાં પરમાત્મ દર્શન થાય છે.

પ્રાતઃકાલમાં જાગીને તમને શું યાદ આવે છે તેના ઉપરથી તમારા મનની પરીક્ષા થાય છે. પ્રાતઃકાલમાં ગોપીને શ્રીકૃષ્ણદર્શનની ઇચ્છા થાય છે. ગોપી કોઈ ગોવાલણ નથી. તે પૂર્વજન્મમાં ઋષિ-મુનિ હતી. ભક્તિ સંપ્રદાયની આચાર્યા હતી. ભક્તિ કેમ કરવી તે ગોપી સમજાવે છે. એક એક ઇંદ્રિયથી ભક્તિ કરો. વિવેકથી વહેવારનું કામ કરો, ઇંદ્રિયોથી ભક્તિરસનું પાન કરો. ભગવાનના એક એક અંગમાં આંખ-મનને સ્થિર કરો તો ભક્તિનો આનંદ મળશે.

ભગવાનને ભોગ ધરો, ભગવાનની આરતી ઉતારો તે ભક્તિ નથી. પ્રસાદ એ મનની પ્રસન્નતા માટે છે. પ્રસાદથી આળસ થાય, મન બગડે તો તે પ્રસાદ નથી. તીર્થનું આચમન લેવાય. તીર્થનું જળ એ પ્રસાદ છે. પ્રસાદ પર તૂટી ન પડો. મન શાંત રહે, મન પ્રસન્ન રહે તેનું નામ પ્રસાદ.

જો કર્મ કર્યા પછી મન શાંત થાય, અંતરમાં થોડો આનંદ થાય તો સમજવું કે પરમાત્મા પ્રસન્ન થયા છે. તન અને મનને નિત્ય સારાં કામમાં પરોવી રાખો. તમે મનના માલિક છો. મન તમારું નોકર છે. **જે માલિક નોકરને આધીન થાય તે દુઃખી થાય છે.** તમે ગુરુ છો, મન શિષ્ય છે. તમે એક સત્કર્મ કરી, મનને બીજા સત્કર્મમાં રોકી રાખો, બીજું સત્કર્મ શરૂ કરી દો. સતત સત્કર્મ કર્યા કરો. ભોજનમાં અને સંપત્તિ કે સંસારસુખમાં સંતોષ માનો પણ સત્કર્મમાં-ભક્તિમાં તો લોભ રાખો. સંસારના પદાર્થોનો વિયોગ થવાનો. તે બધા વિનાશી છે. પરમાત્મા અવિનાશી છે. મંદિરમાં જાવ તો કંઈક માગવા માટે નહિ પણ ભક્તિ માટે જજો. ભગવાનને તમારી આંખ આપો-મન આપો.

'સંતભક્તચરિત્ર', પ્ર.આ., પૃ. ૨૬૩ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ)**

કરી છે. ત્યાર પછી ગુરુમહારાજના હુકમથી એ કામ છોડી આ સેવા કરવા બેઠો ત્યારેય મારી પાસે પૈસા ન હતા. તે વખતે રૂ. ૪૫/-થી વધારે વેતન ન લેવું એવી પ્રતિજ્ઞા કરેલી. પરીક્ષિતલાલભાઈ, હેમંતભાઈ તથા હરિવદન ઠાકોર એ બધા તો એકલરામ હતા, જ્યારે મારે તો આઠ જણનું પોષણ કરવાની જવાબદારી હતી. અને તેમાં મને દેવું થયા કરતું. ત્યારે એક જણ મને મળેલા કે જે મારું દેવું દર વર્ષે પૂરું કરી દેતા. અને ત્યાર પછી આ સેવા કરવા માંડી. એવાને, એક પછી એક ઘણી સરળતા ભગવાને કરી આપી છે. મારી કોઈ પ્રતિષ્ઠા ન હતી. અને આ કંઈ મારી મહત્તા માટે નથી કહેતો પણ એનાથી સમજ પડે કે **ભગવાનને અનન્યભાવે ભજવાથી ભગવાન એના ભક્તનું કામ પાર પાડે છે.** એટલે એના પર ભરોસો રાખતા થઈ જઈએ, એના પર વિશ્વાસ રાખીએ તો એ આપણાં કામ કરશે. એનો અર્થ એવો નથી કે કર્મ છોડી દેવાં. બુદ્ધિથી ઉકેલ કાઢીને દરેક કર્મ તો કરવાનું જ છે.

ભગવાન જ્યારે ભક્તને જરૂર પડે છે ત્યારે રસ્તામાંથી પણ ધન આપે છે. એવા એક બે બનાવ બને તો લોકો 'કાકતાલીય' ન્યાય લેખે છે. 'કાકતાલીય' એટલે કે કાગનું બેસવું અને તાડનું પડવું, પણ ૫-૬ વખત એમ બન્યું છે અને એના સાક્ષી પણ છે. એ ક્યારે બને કે ભગવાન પર ભરોસો, વિશ્વાસ, શ્રદ્ધા પ્રગટી જાય તો. ભગવાનની અદીઠી મદદ પણ આપણને મળશે એવો વિશ્વાસ આ કાળમાં કેળવવાની ઘણી જરૂર છે.

તા. ૨૫-૯-૧૯૬૨

'મૌનમંદિરમાં પ્રભુ', પૃષ્ઠ ૫૧ ❑

## (૯) બેઠાથી બેગાર ભલો

**શ્રીમન્નથુરામ (બિલખાવાળા)**

પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણો ઓછાવધતા પ્રમાણમા હોય છે. તમોગુણ આળસ, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, અવ્યવસ્થા, મોહ તથા અતિનિદ્રા વગેરેને ઉપજાવનારો છે. રજોગુણ વિષયાનુરાગ, ચંચળતા, અતિપ્રવૃત્તિ અને અશાંતિ આદિને ઉપજાવનારો છે. જ્યારે સત્ત્વગુણ જ્ઞાનનું અને સુખનું અભિમાન ઉપજાવનારો છે. મનુષ્યે પ્રથમ પોતાના અંતઃકરણમાંનો તમોગુણ બની શકે તેટલો ઘટાડી શુદ્ધ રજોગુણને બલવાન કરવો જોઈએ. પછી રજોગુણના ધર્મોને વશ વર્તાવી સત્ત્વગુણને બલવાન કરવો જોઈએ. એ **સત્ત્વગુણ પણ આત્માનો સ્વભાવ નથી,** એમ જાણી જ્ઞાન અને સુખનું અભિમાન ત્યજવું જોઈએ.

એ ત્રણ ગુણોનું અતિક્રમણ કરવાનું કહેવું સહેલું છે, પણ તે પ્રમાણે કાર્ય કરવું ઘણું કઠિન છે. શ્રીમદભગવદ્‌ગીતાદિ શાસ્ત્રોમાં એ ત્રણ ગુણો વિશે વિસ્તારથી કહેવામાં આવ્યું છે. એ ત્રણ ગુણો નેત્રાદિ ઇંદ્રિયોના વિષય નથી, પરંતુ તેમના કાર્ય વડે અંતઃકરણમાં તે ગુણોનું અનુમાન થઈ શકે છે. પ્રત્યેક મનુષ્યે પોતાની ઇંદ્રિયો અને તે વડે થતી પોતાની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરી પોતાનામાં કયો ગુણ પ્રધાનપણે પ્રવર્તે છે તે નક્કી કરી લેવું જોઈએ.

તમોગુણના ધર્મો મનુષ્યને બહુ હાનિ કરનારા છે. માટે તે ત્યજવા યોગ્ય છે. સૌ પ્રથમ આળસ ઉપર ઉદ્યમ વડે વિજય કરવો. કાર્યમાં ભારેપણું તે આળસ છે. મનુષ્યની ઉન્નતિમાં આળસ બહુ આડે આવે છે. આળસનો દોષ મનુષ્યને બહુ પ્રિય હોય છે. એ બુદ્ધિનો કાટ છે તેને ઉદ્યોગરૂપી તીખી કાનસ વડે ઘસી નાંખીને બુદ્ધિને સતેજ કરવી. શરીર, ઇંદ્રિયો અને અંતઃકરણને શુભકાર્યયુક્ત રાખવા જોઈએ. આળસ મનુષ્યનો વહેવાર અને પરમાર્થ બન્ને બગાડે છે ત્યારે ઉદ્યોગ એ બન્ને સુધારે છે. માણસે નવરા ના રહેવું જોઈએ-સર્વદા ઉદ્યોગી રહેવું જોઈએ. કેટલાક પ્રારબ્ધને બલવાન ગણે છે. વાસ્તવિક દૃષ્ટિએ જોતાં ઉદ્યોગ વા પુરુષપ્રયત્ન જ બલવાન છે. **પ્રારબ્ધ પૂર્વના પુરુષપ્રયત્નમાંથી જ બંધાય છે** અને એટલા માટે શ્રીયોગવાસિષ્ઠના મુમુક્ષુ પ્રકરણના પાંચમાંથી આઠમા સર્ગ સુધી મુમુક્ષુઓને માટે પુરુષપ્રયત્નનો મહિમા બહુ બહુ પ્રકારે દર્શાવ્યો છે.

ઉદ્યોગ યોગ્ય ઉપકારક જોઈએ. જેને પરિણામે દુઃખ કે ચિંતા થાય તે ઉપકારક ઉદ્યોગ નથી. નાટક-સિનેમા જોવાં અથવા મનનાં દુષ્ટ વિકારોને પ્રદીપ્ત કરે તેવી નૉવેલો વાંચ્યા કરવી કે જ્યાં ત્યાં રખડ્યા કરવું એ ઉપકારક ઉદ્યોગ નથી. ઉદ્યોગી મનુષ્ય જ્યાં ત્યાં પોતાનો સમાવેશ કરી શકે છે અને પ્રીતિપાત્ર બની શકે છે. વહેવાર કે પરમાર્થમાં મોટા થવામાં ઉદ્યોગ જ કારણરૂપ છે, આળસ કારણરૂપ નથી.

**(અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)**

## (૧૦) મહામાનવ : આદિ શંકરાચાર્ય

**ગૌતમ પટેલ**

*(આદિ શંકરાચાર્ય વિરચિત 'સ્તોત્રાવલી'ના સંપાદક શ્રી ગૌતમભાઈ પટેલ છે અને અનુવાદક શ્રીમતી નીલમબહેન ગો. પટેલ છે. તેના પ્રકાશક શ્રી રમેશકુમાર ભટ્ટ (મુંબઈના) છે. તેમાંથી આદિ શંકરાચાર્યના જીવનના કેટલાક પ્રસંગોના ટૂંકા સંકલન તરીકે આ લેખ છે - સંપાદક)*

આદિ શંકરાચાર્ય ભારતની જ નહિ, સમગ્ર વિશ્વની એક વિરલ વિભૂતિ ગણાવી શકાય. ફક્ત ૩૨ વર્ષની નાની વયમાં પોતાનું અભૂતપૂર્વ કાર્ય ભારતની ભૂમિ ઉપર છેક બદરીનારાયણથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી પ્રસરાવી જનાર મહાન **કર્મયોગી** હતા. પ્રસ્થાનત્રયી- ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા ઉપર ભાષ્ય લખીને અદ્વૈત કેવલાદ્વૈતવાદની પ્રસ્થાપના કરનાર તે મહાનુભાવ **જ્ઞાનયોગી** હતા. ભક્તિભાવથી છલકાતાં પંચદેવોપસાનાનાં અનેક સ્તોત્રો રચીને આજે પણ ભક્તિની સરિતા વાચન-પાઠકના હૃદયમાં સદા વહેતી રાખનાર એ **ભક્તિયોગી** હતા. સર્વ શાસ્ત્રોના જ્ઞાતા, વક્તા અને વાદવિવાદમાં પુરસ્કર્તા એવા તેઓ **શાસ્ત્રયોગી** હતા. પ્રજામાત્રના હૃદયમાં ધર્મની ભાવનાને પ્રવાહિત કરવામાં સતત કાર્યશીલ એવા એ **ધર્મયોગી** હતા.

આદિ શંકરાચાર્ય વિશ્વમાનવ હતા. તેમના 'અદ્વૈતવાદ'માં બ્રહ્મ સિવાય અન્ય કોઈનું ભિન્ન એવું અસ્તિત્વ જ નથી. પછી નાત, જાત, ધર્મ, વર્ણ, એકેયને અવકાશ ક્યાંથી હોય ? **આત્મા તો સ્ત્રી કે પુરુષ પણ ન હોય,** પછી તે હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર ક્યાંથી હોઈ શકે ?

આદિ શંકરાચાર્યના આગમન પૂર્વે ભારતની પ્રજાની દશા તો એક 'અંધકાર યુગ' જેવી જ હતી. ધર્મના નામે પાખંડ ચાલતો. શુદ્ધ યજ્ઞયાગ કે તપયોગના સ્થાને જાદુ-ટોણા કે મંતર-જંતર ચાલતા. યજ્ઞબલિ વ્યાપક હતો. ભૂત-પ્રેત-પિશાચની વાતોની બોલબાલા હતી. ધર્મના નામે ધતિંગ ચાલતાં હતાં. શૈવ, વૈષ્ણવ, કાપાલિક, શાકત જેવા અનેક સંપ્રદાયોમાં હિંદુધર્મ વહેંચાઈ જવાથી એનું સાચું સ્વરૂપ શોધવાથી પણ ન જડે એવી દશા હતી. આવા અંધકારના યુગમાં કેરલના એક ખૂણાના ગામમાં પ્રભાતનો સૂર્યનો ઉદય થાય, તેમ આદિ શંકરાચાર્યનો જન્મ થયો.

કેરલના વૃષાદ્રિ પર્વત ઉપરથી વહેતી પૂર્ણા નદીના પવિત્ર કાંઠે કાલટિ (કાલડી) નામના ગામમાં વિદ્યાધિરાજ નામના પવિત્ર બ્રાહ્મણ નિવાસ કરતા હતા. તેમને પૂર્વપુણ્યના પ્રતાપે શિવગુરુ નામનો પુત્ર થયો. તે અનેક ગુણોથી યુક્ત હતો. વેદ, વેદાંગ અને શાસ્ત્રોનું અધ્યયન વિધિપૂર્વક ગુરુના ઘેર રહીને તેઓએ પૂર્ણ કર્યું. તેમની ઈચ્છા બ્રહ્મચર્ય આશ્રમમાંથી સીધો સંન્યાસ ધારણ કરવાની હતી, પરંતુ તેમના ગુરુનો આદેશ થયો કે તેઓએ ગૃહસ્થાશ્રમી થવું. એટલે શિવગુરુ પોતાને ઘેર પાછા ફર્યા.

શિવગુરુના પિતા વિદ્યાધિરાજે યોગ્ય તપાસ

કરીને મદ્યપંડિત નામના એક પવિત્ર અને વિદ્વાન બ્રાહ્મણની કન્યા સંતી સાથે શિવગુરુનું વિધિપૂર્વક લગ્ન કર્યું.

આ શિવગુરુ, રૂપ, ગુણ અને અનેક રીતે અગ્રણી હતા. તેઓ સદાય વિનયી અને નમ્ર રહેતા. તેઓ વૃદ્ધ થયા પણ સંતાનનું મુખ તેઓએ જોયું નહિ. પતિ-પત્નીએ પરસ્પર ચર્ચા-વિચારણા કરીને કલ્પવૃક્ષ સમાન ભગવાન શિવની આરાધના કરવાનો નિર્ણય કર્યો. કઠોર તપશ્ચર્યા બાદ ભગવાન શિવે સ્વપ્નમાં આવી શિવગુરુને દર્શન આપી તેની ઇચ્છા જાણવા પ્રશ્ન કર્યો કે તને સર્વજ્ઞ, સર્વગુણ સંપન્ન પણ અલ્પઆયુષી એક પુત્ર આપું કે તેથી ઊલટા ગુણવાળા લાંબું જીવનારા બહુ પુત્રો આપું ? ઉત્તરમાં શિવગુરુએ અલ્પજીવી પણ સર્વજ્ઞ પુત્ર આપવા વિનંતી કરી. ભગવાને તેમની ઇચ્છા મુજબનો પુત્ર પ્રાપ્ત થશે એવા આશીર્વાદ આપી બન્નેને ઘેર પાછા ફરવા જણાવ્યું. યોગ્ય સમય વ્યતિત થતાં, એમને ત્યાં શુભ મુહૂર્તમાં એક અત્યંત તેજસ્વી બાળકનો જન્મ થયો. શંકરની કૃપાથી આ પુત્ર પ્રાપ્ત થયેલો હોવાથી એનું નામ શંકર રાખવામાં આવ્યું.

બાળક શંકરના પિતા તેની ફક્ત ત્રણ વર્ષની ઉંમરના હતા ત્યારે મૃત્યુ પામ્યા. એટલે બાળકના ઉછેરની સઘળી જવાબદારી માતા સતી ઉપર આવી. માતાએ બાળકને પ્રેમથી ઉછેર્યો. પાંચેક વર્ષની વયે ઉપનયન સંસ્કાર કરીને ગુરુના ઘેર અભ્યાસ માટે મોકલ્યો. એ બાળકને જોઈને ગુરુ આશ્ચર્યચકિત થયા.

ગુરુને થતું કે આ તેજસ્વી અને ગુણસંપન્ન બાળકને હું શું ભણાવીશ ? આ તો જાણે કે બધું ભણીને જ આવ્યો છે. અલ્પકાળમાં અનેક શાસ્ત્રોનું અધ્યયન બાળક શંકરે કરી લીધું. જાણે પૂર્વજન્મની વિદ્યા આપમેળે જ એને સ્ફુરતી હતી.

બાલ્ય અવસ્થામાં અધ્યયન કરતી વખતે એક ગૃહિણીના ઘરે ભિક્ષા લેવા ગયા, પરંતુ પોતે અકિંચન હોવાથી ભિક્ષામાં વ્યથિત હૃદયથી એક આમળું શંકરની ઝોળીમાં પીરસ્યું. બાળકને કરુણા ઊપજતાં તે જ વખતે લક્ષ્મીજીની સ્તુતિ કરતું कनक-धारा-स्तोत्र ઉચ્ચાર્યું. તેના ફલસ્વરૂપ ગૃહિણીના ઘરમાં સોનાનાં આમળાંની વૃષ્ટિ થઈ. આજે પણ એ ઘરનું અસ્તિત્વ હોવાનું કહેવાય છે. પોતાના દારિદ્રયને દૂર કરવા ઇચ્છનાર આ સ્તોત્રનો પાઠ કરતા હોય છે અને ધાર્યું ફળ મેળવે પણ છે.

આદિ શંકરાચાર્યના જીવનના અનેક પ્રસંગો સુપ્રસિદ્ધ છે. બાળક શંકરની તીવ્ર ઇચ્છા સંન્યાસ ધારણ કરવાની હતી, પરંતુ માતાની મમતા તેમાં મંજૂરની મહોર મારતી ન હતી. એકવાર માતા અને પુત્ર નદીએ સ્નાન કરવા ગયાં. એક ભીમકાય મગરે બાળક શંકરનો પગ પકડ્યો. મગર બાળકને ઊંડાં પાણીમાં ખેંચી રહ્યો હતો. તે સમયે બાળકે માતાને આજીજી કરી ક જો તું મને સંન્યાસ લેવાની રજા આપે તો આ મગર મને જીવતો છોડે. બાળકને મરતો બચાવવા માટે માતાએ મંજૂરી આપી. એ વખતે બાળક શંકરની ફક્ત આઠ વર્ષની ઉંમર હતી.

માતાની મંજૂરી મળતાં બાળક કોઈ યોગ્ય ગુરુની તલાશમાં હતા. હાથમાં દંડ લઈને નદી, નાળાં, જંગલ કે રાજમાર્ગ ખૂંદતાં ખૂંદતાં ઉત્તરમાં નર્મદા સુધી પહોંચી ગયા. **ત્યાં ગુરુ સ્વામી ગોવિંદપાદની પ્રાપ્તિ થઈ.** ગુરુ ગોવિંદપાદે પ્રશ્ન

કર્યો કે તું કોણ છે ? ઉત્તરમાં મેધાવી બાળકે ગુરુને આશ્ચર્યચકિત કરતો હોય તેમ બોલ્યો :

*ના હું ભૂમિ છું કે ના જળ*
*નથી હું તેજ કે નથી વાયુ*
*નહિ વળી આકાશ કે તેનો ગુણ*
*ઈંદ્રિયો હું નથી કે નથી હું મન*
*બસ, હવે બાકી રહેનાર એવો*
*કેવળ શિવ હું છું;* ***शिवःकेवलोडहम ।***

ગુરુ પ્રસન્ન થયા. બાળ શંકરને શિષ્યરૂપે સ્વીકાર કર્યો. શંકરે બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસેથી આમૂલ જ્ઞાનનું આકંઠ પાન કર્યું. ગુરુએ એમને પ્રાચીન ભારતીય વૈદિક પરંપરા અનુસાર સંન્યાસદીક્ષા આપી અને વેદાંતના સારભૂત સિદ્ધાંતોને વ્યક્ત કરતા ચાર મહાવાક્યોનો ઉપદેશ કર્યો :

(૧) **प्रज्ञानं ब्रह्म ।**

ઋગ્વેદના ઐતરેય ઉપનિષદનું આ વાક્ય જણાવે છે કે બ્રહ્મ એટલે વિશ્વમાં સર્વત્ર વ્યાપીને રહેલું પરમ તત્ત્વ જ્ઞાનસ્વરૂપ છે. જેમ સૂર્ય અને પ્રકાશ એકબીજાથી જુદા નથી, એમ બ્રહ્મ અને જ્ઞાન અભિન્ન છે.

(૨) **तत्त्वमसि ।**

સામવેદના છાંદોગ્ય ઉપનિષદનું આ વાક્ય છે એમાં ગુરુ શિષ્યને કહી રહ્યા છે : तत् એટલે તે બ્રહ્મ, त्वम् એટલે તું અર્થાત્ જીવ, असि એટલે છું. તે બ્રહ્મ અને આ જીવ બન્ને એક છે. તે બન્નેમાં કોઈ ભેદ નથી.

(૩) **अहं ब्रह्मास्मि ।**

યજુર્વેદના બૃહદારણ્યક ઉપનિષદનું આ વાક્ય છે. હું બ્રહ્મ છું. અર્થાત્ આ જીવ શિવ છે. આત્મા એ જ પરમાત્મા છે. તે બ્રહ્મથી ભિન્ન નથી. जीवो ब्रह्मैय नापरः ।

(૪) **अयमात्मा ब्रह्म ।**

અથર્વવેદના માંડૂક્ય ઉપનિષદનું આ વાક્ય છે. આ આત્મા બ્રહ્મ છે. જીવ અને શિવનું અભિન્ન સિદ્ધ થઈ ગયું છે.

બાળક શંકરે આગળ જતાં આ ચાર મહાવાક્યોને પોતાના તત્ત્વજ્ઞાનના મંદિરના ચાર આધાર-સ્તંભો બનાવ્યા અને તેની ઉપર જ જાણે કે સમગ્ર વિચારધારાની ભવ્ય ઈમારત ચણી.

માતા નર્મદાના કિનારે રહેતાં રહેતાં બાળક શંકરના હૃદયમાં નર્મદામૈયા માટે જે પ્રેમ જાગ્યો તેના પરિણામે આપણને 'નર્મદાષ્ટક' મળ્યું છે. नमामि देवी नर्मदे ઉપરાંત, પૂજ્ય ગુરુ ગોવિંદપાદાચાર્યની ભક્તિને મૂર્ત કરતાં गुरु-अष्टक ની રચના પણ તેઓએ અહીં કરી હશે.

ગુરુવર્ષની આજ્ઞા થતાં થોડા સંન્યાસી મિત્રો સાથે નર્મદાના કિનારેથી કાશીની યાત્રા આરંભી. કાશીમાં મણિકર્ણિકા ક્ષેત્રમાં નિવાસ કર્યો. ગંગામાં સ્નાન અને વિશ્વેશ્વરનાં દર્શન એ ક્રમ અપનાવ્યો. અધ્યયન અને અધ્યાપન તો હવે તેમનો શ્વાસોશ્વાસ બની ગયું હતું.

એક વખત બાળક શંકર ગંગાતટ તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં વચ્ચે એક ચાંડાલ તેના ડાઘિયા કૂતરાઓ સાથે રસ્તો રોકીને ઊભો હતો. શંકરે તેને ખસી જઈ માર્ગ આપવા એકથી વધુ વાર કહ્યું. પણ ચાંડાલ ખસ્યો તો નહિ પણ શંકરને કહ્યું કે તમે અદ્વૈતવાદનો ઉપદેશ કરો છો પણ તમે અદ્વૈતનું તત્ત્વ પામ્યા છો એવું જણાતું નથી. શંકર ચેતી ગયા અને એક સ્તોત્રની રચના કરી. હું બ્રહ્મ જ છું અને

આખું જગત કેવળ ચૈતન્યનો વિસ્તાર છે. આ સાંભળીને ચાંડાલે પોતાનું અસલ શિવનું સ્વરૂપ ધારણ કરી, મહર્ષિ વ્યાસના બ્રહ્મસૂત્ર ઉપર અદ્વૈતવાદનું પ્રતિપાદન કરતા ભાષ્યની રચના કરવાની આજ્ઞા કરી.

કાશી એટલે વિદ્યાનું ધામ. પંડિતોનો તોટો નહિ. વિદ્યાર્થીઓને વ્યાકરણ, ન્યાય, મીમાંસા વગેરે ભણાવે. તે સમયે બધું મુખપાઠ અને કંઠસ્થ કરવા ગોખવું પડે. આ જોઈને બાળ શંકરને દયા આવી અને 'ભજ ગોવિન્દમ્'ની રચના થઈ ગઈ.

શિષ્યોની મંડળી સાથે શંકરાચાર્ય બદરિકાશ્રમ પહોંચ્યા. ત્યાંના પૂજારીઓ પાસેથી જાણવા મળ્યું કે ચીનના રાજાના હુમલાઓના કારણે ભગવાનની મૂર્તિને નારદકૂંડમાં પધરાવી દીધી છે. આ સમયે શંકરાચાર્યની ઉંમર અગિયાર વર્ષની હતી. તેમણે નારદકૂંડમાં ત્રણ ત્રણ વખત ડૂબકી મારી ભગવાનની મૂર્તિ બહાર કાઢી તેની વિધિવત્ સ્થાપના કરી અને પૂજારી તરીકે કેરળના નમ્બુદ્રી બ્રાહ્મણને નિયુક્ત કર્યા એ પરંપરા આજે પણ વિદ્યમાન છો.

બદરિકાશ્રમ પાસેની વ્યાસગુફામાં પાંચ વર્ષ સુધી નિવાસ કરી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર તથા ભગવદ્ગીતા ઉપર ભાષ્યો રચ્યાં. આ ગ્રંથો 'પ્રસ્થાનત્રયી' તરીકે ઓળખાય છે. આમ આચાર્યપદની પ્રાપ્તિ બદરિકાશ્રમમાં થઈ. તેઓ શંકરાચાર્ય બન્યા.

બદરિકાશ્રમથી નીકળી કેદારનાથની યાત્રા કરી શંકરાચાર્ય ત્રિવેણીસંગમે પ્રયાગરાજ પહોંચ્યા. ત્યાં જાણવા મળ્યું કે કુબારિલ ભટ્ટ પ્રાયશ્ચિત્ત કરવા માટે અગ્નિપ્રવેશ કરી રહ્યા છે. હિન્દુધર્મના સિદ્ધાંતો ઉપર બૌદ્ધો પ્રહાર કરતા હતા તેની વિગતો કુમારિલ ભટ્ટે શંકરાચાર્યને જણાવી અને તેઓ પોતાની અગ્નિપ્રવેશની પ્રતિજ્ઞામાં અડગ રહ્યા અને મંડનમિશ્રને વાદમાં જીતીને શિષ્ય બનાવવાની સલાહ શંકરાચાર્યને આપી.

કુમારિલ ભટ્ટ પાસેથી આદેશ પામીને શ્રીશંકચારાર્ય નર્મદા કિનારે આવેલી માહિષ્મતી નગરી પહોંચ્યા. મંડનમિશ્રના ઘરની પૂછપરછમાં જાણવા મળ્યું કે જેના બારણા પરના પાંજરામાં પુરાયેલી મેના અને પોપટ શાસ્ત્રોની વાણી ઉચ્ચારતા હોય તેને મંડનમિશ્રનું ઘર માનજો. શંકરાચાર્યે મંડનમિશ્ર પાસે શાસ્ત્રાર્થની ભિક્ષા માગી. મંડનમિશ્રે પ્રસન્નતાથી તેનો સ્વીકાર કર્યો. પણ મધ્યસ્થી કોણ બને. મંડનમિશ્રની પત્ની ઉભયભારતી સરસ્વતીનો અવતાર હોઈ તેને મધ્યસ્થી બનાવાઈ. ઘણા દિવસો સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. ઉભયભારતીએ પ્રારંભમાં બન્નેના ગળામાં પુષ્પની માળા પહેરાવી હતી. જેના ગળાની માળા વહેલી કરમાય તેનો પરાજય થયો ગણાશે. એમ નક્કી કર્યું હતું. એક દિવસ મંડનમિશ્રના ગળાની માળા કરમાઈ ગઈ. શરત મુજબ મંડનમિશ્ર શંકરાચાર્યના શિષ્ય બન્યા, સંન્યાસી થયા.

આ પ્રસંગ આગળ વર્ણવાયો છે કે જ્યાં સુધી મંડનમિશ્રની અર્ધાંગના જિતાય નહિ ત્યાં સુધી શંકરાચાર્યનો વિજય સંપૂર્ણ ગણાય નહિ. આવી વાત આગળ કરીને ઉભયભારતીએ શંકરાચાર્યને શાસ્ત્રાર્થ માટે પડકાર્યા. શંકરાચાર્યને મુશ્કેલીમાં મૂકવા માટે મેધાવી

લલનાએ કામશાસ્ત્રના પ્રશ્નો પ્રસ્તુત કર્યા. શંકરાચાર્યે એક માસનો સમય માગ્યો. એમણે અમરુક નામના રાજાના મૃતદેહમાં યોગમાર્ગે પ્રવેશ કર્યો. કામકલાનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું અને તેઓ પાછા પધાર્યા પછી શાસ્ત્રાર્થ થયો. ઉભયભારતીએ શંકરાચાર્યની સર્વોપરિતા સ્વીકારી. મંડનમિશ્રને વિધિપૂર્વક સંન્યાસની દીક્ષા આપીને સુરેશ્વરાચાર્ય બનાવ્યા.

આચાર્ય શંકરને દક્ષિણની યાત્રામાં કાપાલિકો સાથે સંઘર્ષ કરવો પડ્યો; કારણ એ લોકોએ સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, બલિપ્રથા, પંચમકાર (મત્સ્ય, માંસ, મૈથુન, મદ્ય અને મુદ્રા)ને પ્રચલિત કર્યા હતા. તેઓ કપાલમાં મદ્ય, માંસ અને રુધિર ભરીને મહાભૈરવને નિવેદ ધરાવતા હતા, તેથી તેઓ 'કાપાલિક' ગણાતા હતા. શ્રીશૈલમાં જઈ નિવાસ કરી કાપાલિકોનું ખંડન અને વૈદિક માર્ગનું મંડન આરંભ્યું.

શંકરાચાર્યે હવે દક્ષિણમાં કરેલ પ્રદેશ તરફ પ્રયાણ કર્યું. અહીં બાળપણની સ્મૃતિઓ તાજી થઈ. તેઓ પોતાની માતા પાસે પહોંચ્યા. મહાન સિદ્ધિઓ હાંસલ કરીને આવેલા પુત્રને જોઈ તેના આનંદનો પાર ન રહ્યો. માતાએ પોતાના પુત્ર પાસે સંસારમાંથી મુક્ત થવાનો ઉપદેશ માગ્યો. હવે તેમને વધુ જીવવાની ઇચ્છા પણ ન હતી. શંકરાચાર્યે ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી. મરણ સમયે ભગવાન વિષ્ણુના અત્યંત સૌમ્ય અને આહ્‌લાદક સ્વરૂપનું ચિંતન કર્યું અને શાંતિથી દેહ છોડી દીધો.

શંકરાચાર્ય સંન્યાસી હતા. તેમનાથી અગ્નિને સ્પર્શ ન કરી શકાય. પોતે સંન્યાસ લેતાં પહેલાં માતાને વચન આપી ચૂક્યા હતા કે તે પોતે જ માતાનો અગ્નિસંસ્કાર કરશે, પણ જ્ઞાતિજનોએ વિરોધ કર્યો અને કોઈએ પણ અગ્નિ આપવાની ના પાડી. એટલે પોતાના આંગણામાં જ માતાની ચિતા રચી અને માતાના જમણા હાથનું મંથન કરી તેમાંથી અગ્નિ પેદા કર્યો અને માતાનો અગ્નિ સંસ્કાર કર્યો.

આચાર્ય શંકર મંડળી સાથે કેરલની યાત્રા કરીને શૃંગેરી મઠ પાછા ફર્યા. સમગ્ર ભારતમાં ફરીને દિગ્વિજય કર્યો. કાશ્મીર દેશમાં સર્વજ્ઞપીઠ ઉપર આરોહણ કરવાનો પ્રસંગ ખાસ ઉલ્લેખનીય છે.


કાશ્મીરમાં માતા શારદાનું મંદિર હતું. તેમાં જે સર્વજ્ઞ હોય તે જ પ્રવેશી શકે. પણ દક્ષિણમાંથી કોઈ સર્વજ્ઞ હજુ સુધી આવ્યો ન હોવાથી દક્ષિણદ્વાર હંમેશાં બંધ રહેતું. ત્યાંના પંડિતો સાથે શાસ્ત્રોને સ્પર્શતા અનેક પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. સૌને સંતોષ થયો એટલે સર્વજ્ઞપીઠ ઉપર આરૂઢ થયા.

કેરલ દેશમાં એક એવી પ્રસિદ્ધિ છે કે આદિ શંકરાચાર્યે ત્રિચૂરના મંદિરમાં પોતાનો દેહ ત્યજ્યો અને તે મંદિરના પ્રાંગણમાં જ તેઓને સમાધિ આપવામાં આવી.

ફક્ત ૩૨ વર્ષની અલ્પાયુમાં વૈદિકધર્મની પુનઃ પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરી, સમગ્ર ભારતમાં પોતાના અજેય, અદ્વિતિય અને અભૂતપૂર્વ આધ્યાત્મિક સામ્રાજ્યને પ્રસ્થાપિત કરનાર આ મહાન આચાર્ય માટે કહી શકાય કે ભગવાન કૃષ્ણ પછી આ ભૂમિમાં આવી વિરલ વિભૂતિ કેવળ શંકરાચાર્ય છે.

'સ્તોત્રાવલી', પ્ર.આ.માંથી સાભાર ❑






ઇંદ્રિયોને નિરાહારી - ઉપવાસી રાખીએ એટલે પાપ ઉત્પન્ન કરનાર વિષયો નાશ પામે છે.


આંખનું ખાદ્ય, પ્રિય વસ્તુ જોવી. કાનનું ખાદ્ય, વિષયો બાબતોની વાતો સાંભળવી. શાંત બેસી, પ્રમાણમાં શ્વાસ લઈએ એટલે નાકનો ઉપવાસ થાય છે. ઇંદ્રિયોનો ઉપયોગ ઈશ્વર સંબંધી કરીએ તોપણ નિરાહારનું ફળ મળે છે. 'મન'ને ઉપવાસી રાખવું એટલે કોઈ પ્રકારના વિચારો ન કરવા - ન આવવા દેવા.

આવા ઉપવાસનું ખૂબ મહત્ત્વ છે.

- શ્રીઉપાસની બાબા

*'શ્રીઉપાસની વાક્સુધા', પ્ર. આ., પૃ. ૨૬૬*

**HARIBHAV, JUNE, 2020**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



ઈશ્વરને જાણવા માટે જગતનો ત્યાગ કરવાની જરાયે જરૂર નથી, પરંતુ જગતપણાનો એટલે કે રાગદ્વેષ, સારુંનરસું, લાભાલાભ, માનઅપમાન, મારુંતારું વગેરેનો ત્યાગ કરવાની જરૂર છે.

કોઈ પૂછે કે અમારે તો સંસાર ચલાવવાનો છે, આવું બધું અમારાથી ના પાળી શકાય, તેમને એટલું જ કહેવાનું કે સંસારને જેણે પ્રગટ કર્યો છે, તેને શું ચલાવવાની ચિંતા નહિ હોય ? તું ચિંતા કરનાર કોણ ? તું તો ચિંતા એટલી જ કર કે ઉપર લખેલા અવગુણ તારામાં ઘર કરી જાય નહિ.

- શ્રીદાસાનુદાસ દયાનંદ તીર્થ

'ફૂલમાળા', પ્ર. આ., પૃ. ૩૦

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com